# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions




**મા કાલરાત્રિ**

નવરાત્રિના સાતમા દિવસે મા કાલરાત્રિની પૂજા કરવામાં આવે છે. તેઓ દેવી દુર્ગાનું સૌથી ભયાનક અને રૌદ્ર સ્વરૂપ છે, જે અંધકાર, અજ્ઞાન અને નકારાત્મક શક્તિઓનો નાશ કરે છે.


**Year :** 04, **Issue :** 143, Dt. 17-10-2026 (SATURDAY) Rs. 02/- **Page :** 31, RNI No. GUJGUJ/2023/84789


### રાજકોટના ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં ભારે પડશે !

# ખાવામાં ભેળસેળ કરતા ત્રણ વાર પકડાયા તો ધંધો જ બંધ!

- અખાદ્ય ખોરાક વેચનારા સામે ફોજદારી કાર્યવાહી કરવા રાજ્ય સરકારને દરખાસ્ત


- અખાદ્ય ખોરાક વેચનારા સામે ફોજદારી કાર્યવાહી કરવા રાજ્ય સરકારને દરખાસ્ત




તસવીરઃ અક્ષય ગોંડલિયા





## વારંવાર ગુનો કરનારનો પરવાનો રદ્દ, પેઢી સીલ અને કાયમી પ્રતિબંધની કડક જોગવાઈઓ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના નગરજનોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા અને ભેળસેળયુક્ત, અખાદ્ય ખોરાક વેચીને ખિસ્સા ભરતા લેભાગુ વેપારીઓ પર હવે તવાઈ આવવાની તૈયારી છે. રાજકોટ મહાનગરપાલિકા (RMC) એ ફૂડ સેફ્ટીના નિયમોનો ઉલાળિયો કરતા તત્વો સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવતા, કડક શિક્ષાત્મક પગલાં લેવા માટે જનરલ બોર્ડમાં એક મહત્વની દરખાસ્ત પસાર કરી છે, જે મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલી આપવામાં આવી છે. અત્યાર સુધી ફૂડ વિભાગના દરોડામાં નમૂના ફેલ જાય તો સામાન્ય દંડ ભરીને આવા વેપારીઓ સરળતાથી છટકી જતા હતા. પરંતુ, નવી દરખાસ્ત મંજૂર થશે તો ભેળસેળિયાઓ માટે આ રસ્તો બંધ થઈ જશે. RMC એ રાજ્ય સરકારને કુલ ૧૨ જેટલા કડક સૂચનો કર્યા છે. આ સૂચનો મુજબ, જો કોઈ વેપારી બીજી વખત અખાદ્ય ખોરાક વેચતો પકડાશે, તો તેના દંડની રકમમાં નોંધપાત્ર વધારો કરવામાં આવશે. જો તે જ વેપારી ત્યારબાદ પણ આ જ પ્રવૃત્તિ ચાલુ રાખશે અને પકડાશે, તો દંડની રકમ વધુ આકરી બનશે, તેનો પરવાનો સ્થગિત કરવામાં આવશે, તેની પેઢીને સીલ મારવામાં આવશે.

## ધારેશ્વર ડેરી કાંડઃ જવાબદારીમાંથી છટકવાનો નિર્લજ્જ પ્રયાસ

RMC ના આ કડક પગલાંની કેટલી જરૂર છે, તેનો તાજો પુરાવો રાજકોટની ખ્યાતનામ 'ધારેશ્વર ડેરી' ના કિસ્સામાં જોવા મળ્યો છે. આ ડેરીના પનીરના નમૂના ફેલ ગયા હતા અને તેમાંથી અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો. ગ્રાહકો પાસેથી પનીરના એક કિલોના ૫૦૦ રૂપિયા જેટલા ઊંચા ભાવ વસૂલવા છતાં, હલકી ગુણવત્તાવાળો ખોરાક પધરાવવામાં આવતો હતો. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, પકડાઈ ગયા પછી પોતાની ભૂલ સ્વીકારવાને બદલે, ડેરીના માલિક સંજય




સગપરીયાએ બહાનાબાજી શરૂ કરી હતી. તેમણે કહ્યું, "અમે માહી અને અમૂલમાંથી દૂધ લઈને પનીર બનાવવા માટે ગાયત્રી ડેરીને આપીએ છીએ." આમ, તેમણે પોતાનો બચાવ કરતા દોષનો ટોપલો સીધો અમૂલ, માહી અને ગાયત્રી ડેરી પર ઢોળી દીધો હતો. "અમે ગ્રાહકોની માફી માંગીએ છીએ," તેવું કહીને તેઓ છટકવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ, લોકોના આરોગ્ય સાથે રમત રમીને માત્ર માફી માંગી લેવી શું પૂરતી છે? આ ઘટના સાબિત કરે છે કે ભેળસેળ કરતા આવા મોટા નામો સામે માત્ર દંડ નહીં, પરંતુ લાયસન્સ રદ્દ કરવા અને ફોજદારી ગુનો નોંધવા જેવા કડક પગલાં જ જરૂરી છે.








# તહેવાર ટાણે જ તરાપઃ રાજકોટમાં CGSTના દરોડાથી ભડકો

- સાંગણવા ચોકમાં વેપારીઓ અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણ, વિરોધમાં 400થી વધુ દુકાનોના શટર પડ્યા
- દિવાળીની કમાણીના સમયે જ કાર્યવાહી થતા વેપારીઓમાં ભારે રોષ, એસોસિએશને સરકાર પાસે કરી માંગ





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના હાર્દ સમાન અને ઈલેક્ટ્રોનિક્સ બજારના મુખ્ય મથક સાંગણવા ચોકમાં આજે નવરાત્રિના પાવન પર્વે સેન્ટ્રલ જીએસટી વિભાગ ત્રાટક્યું હતું. ૪૦ વર્ષ જૂની આ બજારમાં આવેલ સેન્ટ્રલ ઈલેક્ટ્રોનિક્સ અને લાઈટિંગ પ્લાઝા સહિતની ૧૦ જેટલી દુકાનોમાં અચાનક દરોડા પડતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ કામગીરી દરમિયાન અધિકારીઓ અને સ્થાનિક વેપારીઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. જેના ઘેરા પ્રત્યાઘાત રૂપે જોતજોતામાં ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સની ૪૦૦થી વધુ દુકાનો ધડાધડ બંધ થઈ ગઈ હતી અને ધમધમતી બજારમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આખા વર્ષનો સૌથી વધુ વેપાર નવરાત્રિ અને દિવાળીના તહેવારોમાં જ થતો હોય છે. બરાબર આ કમાણીના સમયે જ સરકારી તંત્રની આ કાર્યવાહીથી વેપારીઓમાં ભારે રોષ અને નારાજગી ભભૂકી ઉઠી છે. વેપારીઓ પોતાનો વિરોધ નોંધાવવા રોડ પર ઉતરી આવતા ખરીદી કરવા આવેલા ગ્રાહકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. મામલો બિચકતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને તેની વચ્ચે જ અધિકારીઓ વેપારીઓના હિસાબી ચોપડા બેગમાં ભરીને લઈ ગયા હતા.

આ કાર્યવાહી સામે સમગ્ર એસોસિએશન, વેપારી સંઘ અને મહાજન એકસાથે મેદાનમાં આવ્યા છે. લાઈટિંગ પ્લાઝાના વેપારી ફકરુદ્દીન વોરાએ રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, આ કોઈનો વ્યક્તિગત પ્રશ્ન નથી પરંતુ તમામ વેપારીઓનો અવાજ છે. દિવાળીમાં નાના વેપારીઓ માંડ બે પૈસા કમાતા હોય છે ત્યારે CGST ના અધિકારીઓ કથિત રીતે તેમને લૂંટવાનું કામ કરી રહ્યા છે. વેપારીઓએ સરકાર સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા ત્વરિત પગલાં લેવાની ઉગ્ર માંગ કરી છે.



# રાજકોટના ઔદ્યોગિક જગતમાં ‘મેગા પાવર કટ’થી ખળભળાટ

## પીજીવીસીએલ દ્વારા રાજકોટના ઔદ્યોગિક વિસ્તારોમાં દર બુધવારે બપોરે 4 થી રાત્રે 11 સુધી વીજકાપની જાહેરાત

» ગ્રીડની સ્થિરતા જાળવવાનું સત્તાવાર કારણ અપાયું, પરંતુ પાવર પ્લાન્ટ્સમાં કોલસાની તંગી હોવાની પ્રબળ ચર્ચા

» માત્ર 'કન્ટિન્યુઅસ પ્રોસેસિંગ' ધરાવતા એકમોને જ આકરા લોડ શેડિંગમાંથી આંશિક મુક્તિ આપવામાં આવી

» ચેમ્બર પ્રમુખ વી.પી. વૈષ્ણવની ઉદ્યોગોને પોતાની ફેક્ટરીની શિફ્ટ અને કામગીરીનું નવેસરથી આયોજન કરવા સૂચના

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ધમધમતા ઔદ્યોગિક વિસ્તારો માટે એક અત્યંત ચોંકાવનારા અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા અચાનક વીજ નિયમનનો આકરો નિર્ણય લેવામાં આવ્યો છે, જેના કારણે હવેથી દર બુધવારે બપોરે ૪:૦૦ વાગ્યાથી લઈને રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી ઉદ્યોગોમાં સંપૂર્ણ વીજકાપ રહેશે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ આ અંગેનો પત્ર જારી કરીને સત્તાવાર જાહેરાત કરવામાં આવતા જ ફેક્ટરી માલિકો અને ઉત્પાદકોમાં સોંપો પડી ગયો છે. સળંગ ૭ કલાકના આ 'મેગા પાવર કટ'ના કારણે રાજકોટનું ઉત્પાદન ચક્ર ગંભીર રીતે ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

સત્તાવાર રીતે આ અચાનક લદાયેલા વીજકાપ પાછળ 'વીજ પુરવઠાનું વ્યવસ્થાપન' અને 'ગ્રીડની સ્થિરતા



જાળવવાનું' કારણ આગળ ધરવામાં આવ્યું છે. પરંતુ, આ નિર્ણયની જાહેરાત થતાં જ ઔદ્યોગિક વર્તુળોમાં એવી અટકળો તેજ બની છે કે શું આ પગલાં પાછળ થર્મલ પાવર પ્લાન્ટ્સમાં સર્જાયેલી કોલસાની કોઈ મોટી તંગી જવાબદાર છે? કારણ ગમે તે હોય, પરંતુ વીજળીની માંગ અને પુરવઠા વચ્ચેનું સંતુલન જાળવવા માટે ઉદ્યોગો પર આકરો 'લોડ શેડિંગ' ઝીંકી દેવામાં આવ્યો છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે વીજ ઉત્પાદનની સ્થિતિ હાલ સામાન્ય નથી.

પીજીવીસીએલના આ આકરા નિર્ણય વચ્ચે માત્ર 'કન્ટિન્યુઅસ પ્રોસેસિંગ' (સતત ચાલતી ઉત્પાદન પ્રક્રિયા) કરતા ઔદ્યોગિક એકમોને જ મહદઅંશે રાહત આપવામાં આવી છે. તેમની આખી સિસ્ટમ અને કાચો માલ બગડી ન જાય તે હેતુથી તેમને આ વીજકાપમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. જોકે, આ સિવાયના રાજકોટના તમામ નાના-મોટા ઉદ્યોગો અને કારખાનાઓએ આ ૭ કલાકનો ફરજિયાત વીજકાપ સહન કરવો પડશે.પરિસ્થિતિની ગંભીરતા પારખીને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવે તમામ ઔદ્યોગિક એસોસિએશનોને તાત્કાલિક અસરથી જાણ કરી છે. તેમણે ફેક્ટરી માલિકોને પોતાની કામગીરી અને કામદારોની શિફ્ટનું નવેસરથી આયોજન કરવા તાકીદ કરી છે, જેથી નુકસાન ઘટાડી શકાય. ભરપૂર કામકાજના સમયે જ અડધા દિવસ માટે મશીનો થંભી જવાથી ઉદ્યોગોને મોટો આર્થિક ફટકો પડવાની શક્યતા છે.

### ઉત્પાદન ચક્ર અને રોજગારી પર તોળાતું સંકટ

એન્જિનિયરિંગ અને ઓટો પાર્ટ્સનું હબ ગણાતા રાજકોટમાં દર બુધવારે ૭ કલાક મશીનો બંધ રહેવાથી કરોડો રૂપિયાના ટર્નઓવર પર સીધી અસર પડશે. તહેવારોની સિઝન નજીક હોવાથી સમયસર ઓર્ડર પૂરા કરવાના ઉત્પાદન લક્ષ્યાંકો ખોરવાઈ જશે. આ ઉપરાંત, ફેક્ટરીઓમાં રોજમદાર તરીકે કામ કરતા હજારો શ્રમિકોની રોજગારી અને પગાર પર પણ આ 'મેગા પાવર કટ'ની કેવી વિપરીત અસર પડશે, તે હવે ઉદ્યોગ જગત માટે સૌથી મોટો ચિંતાનો વિષય બની ગયો છે.

# લૂંટ વિથ મર્ડરના આરોપીએ પોલીસ પર ફાયરિંગ કર્યા





## ■ તનવી ગોલ્ડના મેનેજરની હત્યા કરનાર અનુરાગસિંહ ઈજાગ્રસ્તઃ સિવિલ હોસ્પિટલમાં દાખલ

## ■ અનુરાગ સામે એરપોર્ટ પોલીસમાં હત્યાનો પ્રયાસ, ફરજમાં રુકાવટ, આર્મ્સ એક્ટ સહિતનો ગુનો નોંધાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના આજી જીઆઈડીસી વિસ્તારમાં બે દિવસ પૂર્વે તન્વી ગોલ્ડ નામની ફેક્ટરીમાં યુપીની પરપ્રાંતિય ગેંગે હથિયાર સાથે ઘસી જઇ મેનેજર લાલજીભાઈ ની હત્યા કરી ૧.૫૩ કરોડની લૂંટ ચલાવી હતી સમગ્ર ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે ૧૦ આરોપીઓની ધરપકડ કરી હતી આજે હથીયાર ડિસ્કવરી પંચનામા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપીને લઈને બામણબોર વિસ્તારમાં ગઈ હતી ત્યારે ફાયરિંગ કરનાર અનુરાગસિંહે સંતાડેલું બીજું હથિયાર કાઢી પીએસઆઈ ડોડીયાની ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કરતા પીએસઆઈએ આરોપીને પગમાં ગોળી મારી દેતા આરોપીને ઈજા થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે બનાવને પગલે ડીસીપી ક્રાઈમ સહિતના અધિકારીઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના આજી જીઆઈડીસી વિસ્તારમાં બે દિવસ પૂર્વે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરીને તન્વી ગોલ્ડ પેઢીના મેનેજર લાલજીભાઈ સરધારાની હત્યા કરી ૧.૫૩ કરોડના સોના ચાંદીના દાગીના ની લૂંટ ચલાવવામાં આવી હતી આ ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે યુપીના ૧૦ શખ્સોની ધરપકડ કરી ૧.૫૮ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી હતી દરમિયાન આજે ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ વીડી ડોડીયા સહિતની ટીમ હથિયાર ડિસ્કવરી પંચનામાં અર્થે આરોપી અનુરાગસિંહને લઈને બામણબોર વિસ્તારમાં આરકે ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં પહોંચ્યા હતા. આરોપીઓએ ગુનાને અંજામ આપી હથિયાર આ વિસ્તારમાં ફેંકી દીધું હોય તેવી કબૂલાત આધારે પોલીસ કાર્યવાહી અર્થે ત્યાં પહોંચી હતી ત્યારે અનુરાગ સિંહે ગુનામાં ઉપયોગમાં લીધેલા હથીયાર ઉપરાંત કોથળામાં સંતાડેલું બીજું એક હથીયાર કાઢી પીએસઆઈ ડોડીયા ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કરી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે પીએસઆઈ ડોડીયાએ પોતાની રિવોલ્વરમાંથી આરોપી અનુરાગસિંહના જમણા પગમાં એક ગોળી ધરબી દીધી હતી અને અનુરાગ સિંહ ત્યાં જ પડી ગયો હતો ત્યારબાદ ઈજાગ્રસ્ત આરોપી અનુરાગસિંહને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો અહીંયા તેને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે.





ફોજદાર ડોડીયાએ આરોપીને પગમાં ગોળી મારી

બનાવને પગલે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના અધિકારીઓ સિવિલ હોસ્પિટલે દોડી આવ્યા હતા અને બનાવો અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરજમાં રુકાવટ, આર્મ્સ એક્ટ અને હત્યાની કોશિશ સહિતનો ગુનો નોંધવામાં આવ્યો છે અત્રે ઉલ્લેખનીય છે કે થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા લૂંટ વિથ મર્ડરના ગુના ની તપાસ ક્રાઈમ બ્રાન્ચ જ કરી રહી છે આ બનાવ દરમિયાન જ પોલીસ ઉપર હુમલો થતાં અને જવાબી કાર્યવાહીમાં પોલીસે ઓપરેશન લંગડા અંતર્ગત આરોપી ઉપર ફાયરિંગ કરતા ચર્ચા મચી જવા પામી છે.

# પાટીદાર સમાજને તોડવાના પ્રયાસો ક્યારેય સફળ નહીં થાયઃ શિવરાજ પટેલ

## નરેશ પટેલના કદ અંગે પુત્ર શિવરાજે કરી સ્પષ્ટતા; પિતાને પદ કે સત્તાનો મોહ નથી, માત્ર સમાજ સેવા જ કરવી છે



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ અને સુરતમાં અન્નપૂર્ણા ખોડલધામ બનાવવાના મુદ્દે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ખોડલધામના ચેરમેન નરેશ પટેલના પુત્ર શિવરાજ પટેલે મૌન તોડ્યું છે. સુરતમાં નવા મંદિરના વિચારને ખુલ્લા મને આવકારતા તેમણે જણાવ્યું કે, દક્ષિણ ગુજરાતના પાટીદારો માટે મુખ્ય ખોડલધામ (કાગવડ) દૂર પડે છે, તેથી સુરતમાં જ ખોડલ માતાજીનું મંદિર બને તે સમગ્ર સમાજ માટે ખુશીની અને આવકારદાયક વાત છે.

નરેશભાઈ પટેલના વર્ચસ્વને ઘટાડવાના થઈ રહેલા પ્રયાસોની અટકળો પર શિવરાજ પટેલે વિરોધીઓને સ્પષ્ટ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે, નરેશભાઈ જમીન સાથે જોડાયેલા માણસ છે. તેમને પદ કે સત્તાનો કોઈ મોહ નથી, માત્ર નિસ્વાર્થ ભાવે સમાજની સેવા કરવી છે. રાજકારણ અંગે તેઓ અગાઉ જ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી ચૂક્યા છે, તેથી તેમના કદ ઘટાડવાની વાતો પાયાવિહોણી છે. સમાજની એકતા તોડનારા તત્વોને આડકતરી ચીમકી આપતા શિવરાજ પટેલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, લેઉવા પાટીદાર સમાજ બહુ મોટો અને ભોળો છે, પરંતુ જો કોઈ આ ભોળપણનો લાભ લઈને સમાજના ભાગલા પાડવા કે તેને અલગ કરવાનો પ્રયાસ કરશે, તો તે ક્યારેય સફળ નહીં થાય. આ નિવેદન પાટીદાર સમાજની અતૂટ એકતા અકબંધ રાખવાનો મજબૂત સંકેત છે.



### કોઈ નકારાત્મક અસર નહીં થાયઃ માતાજીના મંદિરે સૌને આદર હોય છે, જે થાય તે સારા માટે થાય છે

# મંદિર બનવું સારી વાત છેઃ સુરત ખોડલધામ મુદ્દે મૌલેશ ઉકાણીનું સમર્થન

## કડવા પાટીદાર અગ્રણીનો આવકારઃ સિદસર ઉમિયાધામના પ્રમુખે નવા મંદિરના નિર્માણને સકારાત્મક ગણાવ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ અને સુરતમાં ખોડલધામના નિર્માણ મુદ્દે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે હવે કડવા પાટીદાર સમાજના અગ્રણીએ પણ પોતાની સકારાત્મક પ્રતિક્રિયા આપી છે. સિદસર ઉમિયાધામના પ્રમુખ મૌલેશ ઉકાણીએ સુરત પાસે નવા ખોડલધામ મંદિર બનાવવાના નિર્ણયને ખુલ્લા મને આવકારીને એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.મૌલેશ ઉકાણીએ જણાવ્યું હતું કે, સુરતમાં નવું ખોડલધામ મંદિર બનવાથી કોઈ પણ પ્રકારની વિપરિત કે નકારાત્મક અસર થશે નહીં. આખરે આ એક માતાજીનું મંદિર છે અને માતાજી પ્રત્યે દરેક વ્યક્તિને પૂરો આદર અને સન્માન હોય છે. તેમણે આ નિર્ણયને વધાવતા કહ્યું હતું કે, સમાજમાં જે કંઈ પણ નવું થતું હોય તે સારા માટે જ થતું હોય છે. કડવા પાટીદાર અગ્રણીનું આ નિવેદન સૂચવે છે કે સુરતમાં નવા મંદિરના નિર્માણને માત્ર લેઉવા જ નહીં, પરંતુ સમગ્ર પાટીદાર સમાજનું સમર્થન મળી રહ્યું છે. ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન માતાજીનું નવું મંદિર બનવું એ દરેક રીતે એક અત્યંત સારી અને આવકારદાયક બાબત છે.

### સિંગતેલ, ઘી, બેસન અને ખાંડના ભાવ વધતાં

# દશેરાએ ફાફડા-જલેબી ખાવાનો શોખ મોંઘો પડશે

» **કાચા માલ અને કારીગરોની મજૂરી વધતાં વેપારીઓએ ભાવ વધાર્યા: ફાફડા-જલેબી 15થી 20 ટકા મોંઘા**

» **ગત વર્ષે રૂ.600માં મળતા ફાફડા હવે રૂ.800 પ્રતિ કિલો; ઘીની જલેબી માટે રૂ.800થી 1,000 ચૂકવવા પડશે**





**સિટી ન્યૂઝ@રાજકોટ**

દશેરાના તહેવાર પર ફાફડા-જલેબી ખાવાની પરંપરા ગુજરાતીઓમાં ખાસ લોકપ્રિય છે, પરંતુ આ વર્ષે તહેવારની મીઠાશ પર મોંઘવારીનો માર પડ્યો છે. સિંગતેલ, ઘી, બેસન અને ખાંડના ભાવમાં વધારો થવાની સાથે ફાફડા-જલેબી બનાવતા કારીગરોની મજૂરી પણ વધી છે. પરિણામે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ફાફડા-જલેબીના ભાવમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો થયો છે. એક કિલો ફાફડા અને એક કિલો ઘીની જલેબી ખરીદવા માટે ગ્રાહકોએ રૂ. ૧,૮૦૦ સુધી ખર્ચવા પડી શકે છે.

ગત વર્ષે પ્રતિ કિલો રૂ. ૬૦૦માં મળતા ફાફડાનો ભાવ આ વર્ષે વધીને રૂ. ૮૦૦ થયો છે. તેવી જ રીતે ઘીમાં બનેલી જલેબીનો ભાવ ગત વર્ષે રૂ. ૬૦૦થી ૭૦૦ હતો, જે આ વર્ષે વધીને રૂ. ૮૦૦થી ૧,૦૦૦ પ્રતિ કિલો થયો છે. જ્યારે તેલમાં બનાવવામાં આવતી જલેબીના ભાવ પણ રૂ. ૩૦૦થી ૩૫૦થી વધીને રૂ. ૪૦૦થી ૪૫૦ પ્રતિ કિલો થયા છે. જોકે, શહેરના એક જાણીતા વેપારીને ત્યાં ફાફડા રૂ. ૧,૩૪૦ અને જલેબી રૂ. ૧,૫૨૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે.ફાફડા-જલેબીના ભાવ વધવા પાછળ કાચા માલની સાથે ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો પણ જવાબદાર છે. સિંગતેલ, ઘી, બેસન અને ગેસના ભાવ વધતાં વેપારીઓ પર ખર્ચનું ભારણ વધ્યું છે. બીજી તરફ, ફાફડા અને જલેબી બનાવવા માટે કુશળ કારીગરોની મજૂરીમાં પણ વધારો થયો છે. દશેરા દરમિયાન વધતી માંગને પહોંચી વળવા માટે વેપારીઓએ અગાઉથી તૈયારીઓ શરૂ કરી છે, પરંતુ વધેલા ખર્ચને કારણે ગ્રાહકોએ આ વર્ષે વધુ કિંમત ચૂકવવી પડશે.

તહેવાર દરમિયાન ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત ખાદ્યપદાર્થો મળી રહે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશને પણ વેપારીઓને ચેતવણી આપી છે. શુદ્ધ ઘીમાં બનાવેલી જલેબીના નામે ડાલડામાં બનાવેલી જલેબી વેચીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં આવશે તો સંબંધિત એકમને સીલ કરવાની કાર્યવાહી થઈ શકે છે. ફાફડા બનાવવા માટે ચણાના લોટના બદલે મકાઈ, ચોખા, વટાણા કે ખેસારીનો લોટ ભેળવવા સામે પણ નિયમો મુજબ કાર્યવાહી થઈ શકે છે. મ્યુનિ. તંત્રે તેલની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા પણ સૂચનાઓ આપી છે. બળેલું અથવા વારંવાર તળવા માટે વપરાયેલું તેલ ઉપયોગમાં ન લેવું જોઈએ. તેલમાં ટોટલ પોલર કમ્પાઉન્ડ (TPC)નું પ્રમાણ ૨૫થી વધુ ન હોવું જોઈએ. જો જલેબી શુદ્ધ ઘીમાં બનાવેલી હોવાનો બોર્ડ લગાવવામાં આવ્યો હોય તો તેમાં ખરેખર શુદ્ધ ઘીનો જ ઉપયોગ થવો જોઈએ. ફાફડા-જલેબી બનાવવાની જગ્યા, વાસણો, મશીનરી અને પીરસવાનાં વાસણોની સ્વચ્છતા જાળવવી પણ ફરજિયાત છે.

## ચોખ્ખા ઘીના નામે ડાલડામાં બનાવેલી જલેબી વેચશે તો એકમ સીલ કરાશે

દશેરાએ શહેરમાં દરેક વિસ્તારમાં ફાફડા-જલેબીનું વેચાણ કરતાં સ્ટોલ શરૂ થઈ જાય છે. લોકોને હલકી ગુણવત્તાનો ખાદ્યપદાર્થ ન મળે તે માટે મ્યુનિ.એ વેપારીઓને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો ભ્રામક જાહેરાત કરી ચોખ્ખા ઘીના નામે ડાલડામાં બનાવેલી જલેબી વેચશો તો એકમ સીલ કરાશે.

## ફાફડામાં મકાઈ, ચોખા કે વટાણાનો લોટ ભેળવી નહીં શકાય

ફાફડામાં ચણાના લોટના બદલે મકાઈ, ચોખા, વટાણા કે ખેસારીનો લોટ ભેળવીને ઉપયોગ થાય છે. તેલમાં મુખ્યત્વે બળેલું તેલ કે પછી વારંવાર તળેલું તેલનો ઉપયોગ ન કરી શકાય. ટીપી. ટોટલ પોલર કમ્પાઉન્ડ ૨૫થી વધારે તેલ ન હોવું જોઈએ. જલેબી શુદ્ધ ઘીમાં બનાવેલી હોવાનું બોર્ડ લગાવ્યું હોય તો પછી તે ઘી શુદ્ધ હોવું જોઈએ. ફાફડા-જલેબી બનાવવાનું સ્થળ ચોખ્ખું હોવું જોઈએ. તેના વાસણો, મશીનરી કે પીરસવાના વાસણો સ્વચ્છ હોવા જોઈએ.



## ગરબા વિવાદમાં કાજલ હિન્દુસ્તાનીની એન્ટ્રી

# લઘુમતીઓને ઘરે બોલાવી તમારી બહેન-દીકરીઓ સાથે રમાડો : કાજલ હિન્દુસ્તાની

## ભજન બંધ કરી કવ્વાલી શરૂ કરી દો : પૈસા હિન્દુઓ પાસેથી લેવા છે, વિરોધ પણ તેમનો જ કરવો છે

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદમાં જાણીતા કલાકાર આદિત્ય ગઢવીના 'રંગ મોરલા' ગરબામાં જે પણ લઘુમતી સમાજના હોય તેને બહાર નીકળી જવા સ્ટેજ પરથી RJ આકાશ દ્વારા જાહેરાત કરાઈ હતી, જેને લઈને વિવાદ સર્જાયો હતો. જો કે, બાદમાં આદિત્ય ગઢવી અને આરજે આકાશે આ મુદ્દે સ્પષ્ટતા કરતી સંયુક્ત પોસ્ટ ઈન્સ્ટાગ્રામ કરી હતી. જેમાં લખ્યું હતું કે, એક જૂથે બેકસ્ટેજ પર કબજો જમાવ્યો અને મારા પ્લેટફોર્મનો ઉપયોગ એવું કંઈક કરવા માટે કર્યો, જે હું ક્યારેય નહીં કરું. તેમજ મુસ્લિમોને મેદાન છોડવાની જાહેરાતનો હાર્દિક દવેએ પણ વિરોધ નોંધાવ્યો હતો.

હવે આ સમગ્ર વિવાદમાં કાજલ હિન્દુસ્તાની પણ કૂદી પડી છે. તેણીએ આદિત્ય ગઢવીની સાથેસાથે હાર્દિક દવેને પણ ટાર્ગેટ કરતા કહ્યું કે, લઘુમતીઓને તમારા ઘરે બોલાવી તમારી બહેન-દીકરીઓ સાથે ગરબા રમાડો. પૈસા હિન્દુઓ પાસેથી લેવા છે અને વિરોધ પણ તેમનો જ કરવો છે. ભજન બંધ કરી કવ્વાલી શરૂ કરી દો...

કાજલ હિન્દુસ્તાનીએ વાઈરલ કરેલા વીડિયોમાં કહ્યું કે, કર્ણાવતીમાં બજરંગ દળ દ્વારા પંડાલમાંથી જાહેરાત કરાવી હતી કે ગરબામાં કોઈ મુસ્લિમ હોય તો તે ગરબા પંડાલ છોડીને જતો રહે. તેમાં જે આદિત્ય ગઢવી સિંગર હતા, તેમને તે ગમ્યું નહીં. આદિત્ય ગઢવી એવી જાહેરાત કરી કે બધા લોકો મારા કાર્યક્રમમાં આવી શકે છે. આદિત્ય ગઢવીનું મને એ નથી સમજાતું કે માતાજીની શક્તિની ઉપાસના કરનાર વ્યક્તિને મહિસાસુરથી આટલો બધો ડર કેમ લાગે છે?

સિંધુ સોસાયટીના ફ્રન્ટ લાઈન વોરિયર છે તે બજરંગ દળ તેના વિરોધમાં ઉતરી ગયા છે. તેમજ અન્ય એક હાર્દિક દવે જે સંગીતકાર છે તે એક પગલું આગળ ચાલીને આવ્યા હતા. નાઝી અને યહૂદીઓ વિશે ઉદાહરણ આપીને કહે છે કે, ગરબા પંડાલમાંથી જે જાહેરાત થઈ તેનાથી એવું લાગી રહ્યું હતું કે નાઝીઓએ યહૂદીઓ પર અત્યાચાર કરી દેશની બહાર જવાનું કહ્યું હતું. હાર્દિક દવે પર કટાક્ષ કરતા કાજલ હિન્દુસ્તાનીએ જણાવ્યું કે, તો હાર્દિક દવે એવું છે કે હોશિયાર બધા છે, તમે મૂર્ખ છો એટલે તમને લાગે છે કે બધા મૂર્ખ છે. તમારે યહૂદીઓના ઉદાહરણ આપવાના બદલે કશ્મીરી સાત લાખ કશ્મીરી હિન્દુઓને કાઢવામાં આવ્યા હતા, છોકરાઓને મારીને ઘાટી ખાલી કરવામાં આવી હતી તે ઉદાહરણ તમને કેમ ન દેખાણું. આટલા દૂર સુધી તમારી યાદદાસ ઓછી હોય તો પહેલગામનો આતંકવાદી હુમલો ન દેખાયો, જેમાં મુસ્લિમઓએ AK૪૭ લઈને ધર્મ પૂછીને હિન્દુઓની હત્યા કરી નાખી હતી. તમને એટલો પણ વિદેશીઓથી પ્રેમ હોય તો પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાનમાં જે હિન્દુઓ પ્રતારિત થયા છે, તેનું પણ તમે ઉદાહરણ આપી શકતા હતા. ભજન ગાવાનું બંધ કરી દો અને કવ્વાલી ગાવાનું શરૂ કરી દો તેવું કહી કાજલ હિન્દુસ્તાનીએ જણાવ્યું કે, બંગાળમાં પણ બહેનો દીકરીઓના ઘરમાં ઘૂસીને બળાત્કાર કરવામાં આવે છે. હિન્દુઓને પલાયન કરવા પર મજબૂર કરી દીધા છે. આ મુસ્લિમોથી તમને એટલો બધો પ્રેમ ઉભરતો હોય તો તમારા ઘરે બોલાવો અને દાંડિયા રમાડો. જેટલું પણ રમાડવું હોય તેટલું તમારા બહેનો દીકરીઓ સાથે રમાડો, અમારી બહેનો દીકરીઓનો તમે કોઈ ઠેકો નથી લીધો.

## રૂ.15 હજાર ખર્ચવા છતાં સફેદ પરિંદેના આયોજન સામે ખેલૈયાઓનો રોષ

# સફેદ પરિંદે ગરબા ફેઈલ!

## બે કલાકમાં ભોજન ખુટી પડતા અને કેટરિંગ સ્ટાફ ગાયબ થતાં લોકોએ જાતે પિત્ઝા બનાવ્યાં

### ભોજન અને પીવાના પાણીની અછતનો આક્ષેપ; આયોજકો તરફથી જવાબ ન મળ્યાનો દાવો, બીજા દિવસના આયોજનની વ્યવસ્થા અંગે પણ સવાલો






**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ નજીક લપકામણમાં આવેલા કસુંબલ નેસમાં આયોજિત જાણીતા સફેદ પરિંદે ગરબાના પ્રથમ જ દિવસે ગેરવ્યવસ્થા સામે આવી છે. રૂ.૧૫,૦૦૦ના મોંઘા પાસ ખરીદ્યા બાદ અનલિમિટેડ ફૂડની જાહેરાત છતાં ગરબા શરૂ થયાના બે જ કલાકમાં ભોજન અને પીવાનું પાણી ખૂટી પડતાં ખેલૈયાએ ભારે હોબાળો મચાવ્યો હતો. આયોજકો અને કેટરિંગવાળા ગાયબ થઈ જતાં કંટાળેલા લોકોએ જાતે જ પિત્ઝા અને કોફી બનાવી લીધાં હતાં. જ્યારે પોલીસે આવીને બંધ કરાયેલી એન્ટ્રી શરૂ કરાવી હતી. ૧૭ ઓક્ટોબરે બીજા દિવસે પણ સફેદ પરિંદેના ગરબા યોજવાના છે, ત્યારે કેવી સ્થિતિ રહેશે તેને લઈને સવાલ છે.સફેદ પરિંદે ગરબાનું ૧૬ અને ૧૭ ઓક્ટોબર બે દિવસ આયોજન કરાયું. આ ગરબાના પાસ મહિના અગાઉથી જ આયોજકો દ્વારા વહેચીવામાં આવ્યા હતા. ૧૫ હજારના પાસમાં અનલિમિટેડ ફૂડ અને અન્ય સુવિધા પણ રાખવામાં આવી હતી.ગરબા રાત્રે ૯ વાગ્યે શરૂ થયા અને ૧૧ વાગ્યા સુધીમાં તો અનલિમિટેડ ફૂડ પૂરું થઈ ગયું હતું. ૧૧ વાગ્યા બાદ જે લોકો જમવા આવ્યા તેમને જમવાનું ન મળતા હોબાળો કર્યો હતો. જોકે, આયોજકોએ કોઈ જવાબ જ આપ્યો નહોંતો. કેટલાક લોકોએ કંટાળીને કેટરિંગ સ્ટાફ હાજર ન હોવાથી જાતે કોફી બનાવીને પીધી હતી, તો કેટલાક લોકોએ ખાવા-પીવા માટે લૂંટ મચાવી હતી. અહીં લોકોએ જાતે પિત્ઝા બનાવ્યાં હતાં.લોકોની ભીડ વધતા આયોજકો દ્વારા મેન ગેટથી પ્રવેશ આપવાનો પણ બંધ કર્યો હતો. લોકોએ હજારોની કિંમતના પાસ ખરીદ્યા બાદ ગેટ પર એન્ટ્રી બંધ કરવામાં આવતા વધુ હોબાળો થયો હતો. બનાવની જાણ થતા પોલીસ પણ પહોંચી હતી. પોલીસ દ્વારા ફરીથી લોકોની એન્ટ્રી શરૂ કરાવવામાં આવી હતી. આ દરમિયાન પણ આયોજકો દ્વારા ખેલૈયાને કોઈ જવાબ આપવામાં આવ્યો નહોંતો, જેથી ખેલૈયાઓ કંટાળ્યા હતાં. ગરબામાં ગયેલા ખેલૈયા વિક્રમસિંહ ગોહિલે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે, સફેદ પરિંદે ગરબા હજારો રૂપિયા પાસની ફી વસૂલે છે પણ સુવિધાના નામે મીંડું આપે છે. વધારે પડતા પાસ વેચી દીધા એટલે ૧૨ વાગ્યે એન્ટ્રી બંધ કરી દેવામાં આવી. પોલીસની દખલગીરી બાદ ખેલૈયાને અંદર આવવા દેવામાં આવ્યા. અંદર જાય છે તો ફૂડ અને પાણી જેવી સુવિધા ફ્રીમાં મળશે એવી વાતો કરતા હતા, પરંતુ અંદર જાય છે ફૂડ તો મળવાની વાત અલગ છે પણ જે ખેલૈયાને પાણી પણ મળ્યું નહોતું.





### અભ્યાસ, થિયેટરથી આંદોલન સુધીની સફર

# કોણ છે ચર્ચામાં આવેલી છાત્ર નેતા નેહા બોરા?

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને થઈ રહેલા પ્રદર્શનો વચ્ચે છાત્ર નેતા નેહા બોરા ચર્ચામાં છે. નેહા ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશનની રાષ્ટ્રીય અધ્યક્ષ છે. આ ડાબેરી વિચારધારા સાથે જોડાયેલું છાત્ર સંગઠન છે. તાજેતરમાં જ બોરાએ ભારતીય યુવા આંદોલનોની તુલના બાંગ્લાદેશના વિરોધ પ્રદર્શનો સાથે કરી હતી. આ પછી રાજકીય વિવાદ ઊભો થયો. એવામાં જાણીએ નેહા બોરા વિશે.



## JNU સાથે રહ્યો સંબંધ

નેહા બોરા ૨૯ વર્ષની છે અને ઉત્તરાખંડના ખટીમાની રહેવાસી છે. તેના પિતા ભારતીય સેનામાં હતા. આ કારણે બાળપણમાં તેને અલગ-અલગ શહેરોમાં રહેવાની તક મળી. તેણે પશ્ચિમ બંગાળના સિલીગુડીમાં શાળાકીય શિક્ષણ મેળવ્યું. . અને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી થિયેટર અને પરફોર્મન્સ સ્ટડીઝમાં સંશોધન કર્યું.

## થિયેટરે દેખાડ્યો રાજકીય માર્ગ

નેહાની રાજકારણમાં આવવાની કહાની થિયેટર સાથે જોડાયેલી છે. અભ્યાસ દરમિયાન તેણે સામાજિક મુદ્દાઓ પર આધારિત નાટકોમાં ભાગ લીધો. બાદમાં તે દિલ્હીના નુક્કડ નાટક સમૂહ 'સંવારી' સાથે પણ જોડાઈ. વર્ષ ૨૦૧૯-૨૦ માં નાગરિકતા સુધારા કાયદા (CAA) વિરુદ્ધ થયેલા પ્રદર્શનોમાં પણ તેની રાજકીય સક્રિયતા રહી. આ પછી તે આઈસા સાથે જોડાઈ અને આગળ જઈને સંગઠનની રાષ્ટ્રીય અધ્યક્ષ બની.

## 23 દિવસ સુધી ભૂખ હડતાળ પર હતી નેહા

નેહાએ છાત્ર નેતાઓ મનીષ કુમાર અને આમીન અમિતોજ સાથે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના સમર્થનમાં જંતર-મંતર પર ભૂખ હડતાળ કરી હતી. રિપોર્ટ્સ મુજબ, ત્રણેયે ૨૩ દિવસ સુધી ઉપવાસ કર્યા હતા. તેમની ભાષણ અને સંવાદ કળાની પણ ચર્ચા છે. નેહાની સક્રિયતા માત્ર દિલ્હી સુધી સીમિત નથી રહી. ૭ ઓગસ્ટે ઝારખંડ વિધાનસભા પાસે તેમના પર શાહી ફેંકવામાં આવી હોવાની ઘટના પણ સામે આવી હતી. જોકે, તેમના દ્વારા આપવામાં આવેલા તાજેતરના કેટલાક ભાષણોને વિવાદાસ્પદ પણ માનવામાં આવ્યા છે.

# ફ્લાઈટનાં મનમાની ભાડાં પર લગામ કસશે સરકાર

## નવા નિયમો ફાઈનલ, બે અઠવાડિયામાં થશે જાહેર; 16 નવેમ્બરે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવા આદેશ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મુસાફરોને મોંઘી ફ્લાઇટ ટિકિટોથી ટૂંક સમયમાં રાહત મળી શકે છે. કેન્દ્ર સરકારે શુક્રવાર, ૧૬ ઑક્ટોબરે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે તેણે એરલાઇન્સના મનમાની રીતે વસૂલાતા ભાડાને કન્ટ્રોલ કરવા માટેના નવા નિયમોને ફાઈનલ કરી દીધા છે. સરકાર બે અઠવાડિયામાં આ નવા નિયમો જાહેર કરશે.

સુપ્રીમ કોર્ટે સરકારને નિર્દેશ આપ્યો છે કે જાહેર કરાયેલા નિયમો ૧૬ નવેમ્બરે યોજાનારી આગામી સુનાવણીમાં કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે. આ નિર્ણયની સીધી અસર શેરબજાર પર પણ જોવા મળી. ઇન્ડિગો એરલાઇનનું સંચાલન કરતી કંપની ઇન્ટરગ્લોબ એવિએશનના શેરોમાં આજે ૨%નો ઘટાડો થયો.

સુપ્રીમ કોર્ટમાં ખાનગી એરલાઇન્સ દ્વારા વસૂલવામાં આવતા મનસ્વી ભાડાને લઈને કરવામાં આવેલી એક જનહિત અરજી (PIL) પર સુનાવણી ચાલી રહી હતી. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ આર. મહાદેવન અને જસ્ટિસ અપારેશ સિંહની બેન્ચને નવા નિયમોની સ્થિતિ વિશે માહિતી આપી.

સોલિસિટર જનરલે બેન્ચને જણાવ્યું કે હવાઈ ભાડાંને કન્ટ્રોલ કરવાના નિયમોને ફાઈનલ કરવામાં આવ્યા છે અને તેને સરકારી મંજૂરી પણ મળી ગઈ છે. આ નિયમોને આગામી બે અઠવાડિયાની અંદર જાહેર કરી દેવામાં આવશે.આ પછી કોર્ટે કેસને ૧૬ નવેમ્બરે સુનાવણી માટે લિસ્ટેડ કરતાં સરકારને પબ્લિશ નિયમો રજૂ કરવાનો આદેશ આપ્યો.

વિમાન ભાડાંના નિયમોને લઈને સુપ્રીમ કોર્ટ અગાઉ પણ કાર્યવાહી કરી ચૂકી છે. આ પહેલાં ઓગસ્ટ મહિનામાં થયેલી સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકારને સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો કે નિયમોનું પાલન ન કરતી એરલાઇન્સને ગ્રાઉન્ડેડ (ઉડાન ભરવાથી રોકી) કરી દેવામાં આવે.




તે સમયે સિવિલ એવિએશન મંત્રાલયે કોર્ટને જણાવ્યું હતું કે નિયમોને ફાઈનલ કરવામાં આવે ત્યાં સુધી તે એરલાઇન્સને ભાડાં અંગે 'ઓફિસ મેમોરેન્ડમ' જારી કરી રહ્યું છે, પરંતુ એરલાઇન્સ આ નિર્દેશોનું પાલન કરી રહી નથી. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે સરકાર દ્વારા સોંપવામાં આવેલા ડ્રાફ્ટ નિયમોની પણ સમીક્ષા કરી હતી.

### ઈન્ડિગોનો શેર 2% ઘટીને 4,674 પર આવ્યો

ફ્લાઈટના ભાડાં પર સરકારના નિયંત્રણ અને સખ્તાઈના સમાચારને કારણે બજારમાં એરલાઈન શેરો પર દબાણ જોવા મળ્યું. શુક્રવારે ઈન્ડિગોની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવિએશનનો શેર ૨.૧૭% ઘટીને ૪,૬૭૪ રૂપિયાના સ્તરે બંધ થયો. રોકાણકારોને આશંકા છે કે સરકારના નિશ્ચિત નિયમો અથવા ભાડાંની મહત્તમ મર્યાદા લાગુ કરવાથી એરલાઈન્સના નફાના માર્જિન અને યીલ્ડ એટલે કે પ્રતિ મુસાફર આવક પર અસર પડી શકે છે.

### મુસાફરોને મનમાના ભાડાંમાંથી રાહત મળવાની આશા

આગામી બે અઠવાડિયામાં પ્રકાશિત થનારા નવા નિયમોથી સ્પષ્ટ થઈ જશે કે તહેવારો, પીક સીઝન અથવા ઈમરજન્સીના સમયે એરલાઈન્સ ભાડાંમાં કેટલો વધારો કરી શકશે. ૧૬ નવેમ્બરે સુપ્રીમ કોર્ટમાં પ્રકાશિત નિયમોની સમીક્ષા કરવામાં આવશે, ત્યારબાદ દેશમાં હવાઈ મુસાફરી કરતા કરોડો મુસાફરોને મનમાના ભાડાંમાંથી કાયમી રાહત મળવાની આશા છે.




# એલ્યુમિનિયમનાં વાસણો માટે નવા નિયમો લાગુ

## વાસણો અને ઠંડાં પીણાંની કેન પર BIS માર્ક ફરજિયાત; ગુણવત્તામાં બાંધછોડ નહીં ચાલે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ખાદ્યપદાર્થોની શુદ્ધતા અને ગુણવત્તા જાળવવાની ઝુંબેશ વચ્ચે કેન્દ્ર સરકારે એલ્યુમિનિયમનાં વાસણો અને ઠંડાં પીણાંની કેનની ગુણવત્તા માટે નવા નિયમો લાગુ કર્યા છે. ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા આદેશ મુજબ એલ્યુમિનિયમનાં કૂકવેર, વાસણો અને કેન માટે નિર્ધારિત ગુણવત્તાના માપદંડોનું પાલન કરવું પડશે.

વેપાર અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટર્નલ ટ્રેડ (DPIIT) દ્વારા જાહેર કરાયેલા નિયમોમાં પ્રેશર કૂકર, પેન, કડાઈ, તવા અને લંચ બોક્સ સહિતનાં વાસણોનો સમાવેશ થાય છે.

BIS એટલે બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ. વાસણોની બનાવટ, જાડાઈ, ધાતુની ગુણવત્તા અને ટકાઉપણાં જેવા માપદંડોનું પાલન જરૂરી રહેશે. એલ્યુમિનિયમનાં વાસણો અને કૂકવેર માટે નિયમોનો અમલ તાત્કાલિક અસરથી ફરજિયાત છે, જ્યારે એલ્યુમિનિયમની કેન માટે ૨૦૨૭ સુધીની મુદત આપવામાં આવી છે. નિકાસ થતાં વાસણોને આ નિયમોમાંથી છૂટ આપવામાં આવી છે. નિયમોનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

એલ્યુમિનિયમનાં વાસણો હલકાં, સસ્તાં અને ઝડપથી ગરમ થતાં હોવાથી ઘરો તથા હોટેલોમાં તેનો વ્યાપક ઉપયોગ થાય છે. રસોઈ દરમિયાન એલ્યુમિનિયમની થોડી માત્રા ખોરાકમાં ભળી શકે છે, પરંતુ તેથી દરેક વાસણમાં બનાવેલો ખોરાક ઝેરી બની જાય એવું નથી.ટામેટાં, લીંબુ અને આમલી જેવી ખાટી વસ્તુઓ એલ્યુમિનિયમનાં વાસણોમાં લાંબા સમય સુધી રાંધવાથી અથવા રાખવાથી ધાતુનું પ્રમાણ ખોરાકમાં વધી શકે છે. વધુ મીઠાવાળો ખોરાક અને ઘસાઈ ગયેલી કે ખાડાવાળી સપાટી ધરાવતા વાસણોમાં પણ સાવચેતી રાખવી જોઈએ.

એલ્યુમિનિયમનાં વાસણોમાં રાંધેલો ખોરાક ખાવાથી કેન્સર થાય છે એવા નક્કર વૈજ્ઞાનિક પુરાવા ઉપલબ્ધ નથી. એલ્યુમિનિયમ અને અલ્ઝાઇમર વચ્ચે પણ નિશ્ચિત કારણાત્મક સંબંધ સ્થાપિત થયો નથી. યુરોપિયન ફૂડ સેફ્ટી ઓથોરિટીએ ૨૦૦૮માં શરીરના વજનના આધારે એલ્યુમિનિયમના સાપ્તાહિક સેવન માટે સહનશીલ મર્યાદા નક્કી કરી હતી. આ મર્યાદામાં વાસણો ઉપરાંત ખોરાક સહિતના તમામ સ્ત્રોતોમાંથી શરીરમાં પહોંચતા એલ્યુમિનિયમનો સમાવેશ થાય છે. એલ્યુમિનિયમનું પ્રમાણ ખૂબ વધી જાય તો ખાસ કરીને કિડનીની સમસ્યા ધરાવતા લોકોમાં જોખમ વધી શકે છે.

### એલ્યુમિનિયમ ફોઈલ વાપરવામાં પણ સાવચેતી

- ગરમ અને ભેજવાળો ખોરાક એલ્યુમિનિયમની ફોઈલમાં લપેટવાથી ધાતુ ખોરાકમાં ભળવાની શક્યતા રહે છે. ખાસ કરીને લીંબુ, ટામેટાં અને આમલીવાળો ખોરાક ફોઈલમાં લાંબા સમય સુધી રાખવાનું ટાળવું યોગ્ય છે.
- રોજિંદી રસોઈ માટે સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો સારો વિકલ્પ છે. લોખંડનાં વાસણોમાંથી થોડું આયર્ન ખોરાકમાં ભળી શકે છે, પરંતુ તેનાથી શરીરમાં આયર્નની ઉણપ દૂર થઈ જશે એવું માનવું યોગ્ય નથી. તાંબા અને પિત્તળનાં વાસણોમાં પણ અંદરની સપાટી અને યોગ્ય ઉપયોગ અંગે ધ્યાન રાખવું જોઈએ.
- વાસણો ખરીદતી વખતે કિંમત અને દેખાવની સાથે ગુણવત્તા તથા પ્રમાણભૂત માર્ક પણ તપાસવો જોઈએ. નવા નિયમોનો હેતુ વાસણોની ગુણવત્તા સુનિશ્ચિત કરીને ગ્રાહકોને વધુ વિશ્વસનીય ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવાનો છે.



# ભારતમાં બાળકોના ઈન્ટરનેટ પ્રતિબંધએ ઉકેલ નથીઃ સુપ્રીમ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવો દરેક વ્યક્તિનો, અહીં સુધી કે દરેક ઉંમરના બાળકનો પણ મૂળભૂત અધિકાર છે. બાળકોને ઈન્ટરનેટથી સંપૂર્ણપણે દૂર રાખવું યોગ્ય નથી. કોર્ટે કહ્યું કે બાળકોની સુરક્ષા અને તેમની સ્વતંત્રતા એકબીજાની વિરુદ્ધ નથી. તેમને બંનેનો અધિકાર છે.

કોર્ટે કહ્યું કે ઈન્ટરનેટ પર ખોટા કન્ટેન્ટ હોવાના કારણે તેને બાળકો માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવું ઉકેલ નથી. આવા પ્રતિબંધોથી બાળકો ઓછી સુરક્ષિત વેબસાઈટ્સ અને પ્લેટફોર્મ્સ પર જઈ શકે છે. સાથે જ, ઓનલાઈન ધમકી અથવા શોષણનો સામનો કરતા બાળકો ફરિયાદ કરતા પણ ડરી શકે છે.

કોર્ટે બાળકોના યૌન શોષણ સંબંધિત કન્ટેન્ટને ઈન્ટરનેટ પરથી દૂર કરવાની વ્યવસ્થા મજબૂત કરવા સંબંધિત મામલામાં આ ટિપ્પણીઓ કરી હતી. કોર્ટે કેન્દ્ર સરકારને આવી સામગ્રીનો રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવા અને સોશિયલ મીડિયા કંપનીઓને બે કલાકની અંદર પોલીસને જાણ કરવા સહિત અનેક નિર્દેશો આપ્યા છે.

જસ્ટિસ જે.બી. પારદીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે નિર્દેશ આપ્યો કે ડેટાબેઝમાં બાળકોના જાતીય શોષણ સંબંધિત પ્રમાણિત કન્ટેન્ટની ડિજિટલ ઓળખ એટલે કે હેશ અને જે વેબસાઈટ્સ પર આ સામગ્રી ઉપલબ્ધ છે, તેમની લિંક્સ રાખવામાં આવશે. તેને હાલના સહયોગ પોર્ટલ પર અથવા અલગથી બનાવી શકાય છે.

## નિયમો તોડતી કંપનીઓ પર દંડ લાદવા અંગે વિચારણા

કોર્ટે કેન્દ્ર સરકારને આઈટી કાયદા અને નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ પર આર્થિક દંડ લાદવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવા કહ્યું છે. દંડ નક્કી કરતી વખતે આ બાબતોને ધ્યાનમાં લેવાનું સૂચન કરવામાં આવ્યું છેઃ(૧)ઉલ્લંઘન કેટલું ગંભીર છે. (૨) નિયમો કેટલા સમય સુધી તોડવામાં આવ્યા. (૩) કંપનીએ કેટલી વાર નિયમોનું ઉલ્લંઘન કર્યું. (૪) કંપનીનું કદ અને તેનું ટર્નઓવર કેટલું છે. કોર્ટે પેઈડ અને સબ્સ્ક્રિપ્શન આધારિત વેબસાઈટ્સ તથા સેવાઓની પણ કડક તપાસ કરવા કહ્યું છે, જેથી તેમના માધ્યમથી બાળકોના યૌન શોષણ સાથે જોડાયેલી સામગ્રી ન તો બતાવવામાં આવે અને ન તો ફેલાવવામાં આવે. સરકારને આવા કન્ટેન્ટના પ્રસારથી કમાયેલી રકમ જપ્ત કરીને પરત મેળવવાના વિકલ્પ પર પણ વિચારણા કરવા કહેવામાં આવ્યું છે.

## અભ્યાસમાં ઓનલાઈન સુરક્ષા સામેલ થશે

કોર્ટે કહ્યું કે બાળકોને ઈન્ટરનેટ પરના જોખમોને ઓળખવા અને ખોટું વર્તન થાય ત્યારે ફરિયાદ કરવાનું શીખવવું જરૂરી છે. તેમની ઉંમર અનુસાર આ વિષયો વિશે માહિતી આપવી જોઈએઃ (૧) સંમતિ અને સ્વસ્થ સંબંધો. (૨) સુરક્ષિત અને અસુરક્ષિત સ્પર્શ. (૩) વ્યક્તિગત માહિતીની સુરક્ષા. (૪) ઓનલાઈન શોષણની ઓળખ અને તેનાથી બચાવ. (૫) ખોટા વર્તનની ફરિયાદ ક્યાં અને કેવી રીતે કરવી.

## કેન્દ્ર સરકારે 10 ડિસેમ્બર સુધીમાં અહેવાલ આપવો પડશે

કેન્દ્ર સરકારને આ નિર્દેશો લાગુ કરવા માટે જરૂરી માર્ગદર્શિકા, કામ કરવાની પ્રક્રિયા અને માહિતી પ્રૌદ્યોગિકી કાયદા તથા નિયમોમાં જરૂરી ફેરફારો કરવા માટે પગલાં લેવા પડશે. આ કામમાં ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય તથા કાયદા અને ન્યાય મંત્રાલયે યોગ્ય કાર્યવાહી કરવી પડશે. સરકારે અદાલતમાં સોગંદનામું આપીને જણાવવું પડશે કે નિર્દેશો પર કેટલું કામ થયું છે. મામલાની આગામી સુનાવણી ૧૦ ડિસેમ્બરે થશે.

## કન્ટેન્ટ હટાવ્યા બાદ કંપનીઓ પોલીસને રિપોર્ટ કરશે

કોર્ટે કહ્યું કે સોશિયલ મીડિયા કંપનીઓએ આવા કેસોની જાણ સંબંધિત વિશેષ કિશોર પોલીસ એકમ (SJPU), સ્થાનિક પોલીસ અથવા સાયબર ક્રાઈમ પોર્ટલને કરવી પડશે. આ માટે ત્રણ પરિસ્થિતિઓમાં અલગ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

■ **કંપનીને પોતાની તપાસમાં કન્ટેન્ટ મળેઃ** આવા કન્ટેન્ટને દૂર કર્યા બાદ બે કલાકની અંદર અહેવાલ આપવો પડશે.
ફરિયાદ બાદ કન્ટેન્ટ દૂર કરવામાં આવેઃ ફરિયાદનું નિવારણ થયા બાદ તરત જ અહેવાલ આપવો પડશે. કોઈપણ સ્થિતિમાં તેમાં બે કલાકથી વધુ સમય લાગવો જોઈએ નહીં.

■ **ડેટાબેઝ સાથે મેળ ખાતો હોવાથી કન્ટેન્ટ દૂર કરવામાં આવેઃ** રાષ્ટ્રીય ડેટાબેઝમાં નોંધાયેલી સામગ્રી સાથે મેળ ખાતો હોવાથી દૂર કરવામાં આવેલા કન્ટેન્ટની માહિતી સંબંધિત સત્તાધિકારીને દર અઠવાડિયે એકસાથે આપવી પડશે.

## ડેટાબેઝમાં અસલી ફોટો-વીડિયો નહીં, તેમની ડિજિટલ ઓળખ હશે

■ **ત્રણ નિષ્ણાતો તપાસ કરશેઃ** કોઈ સામગ્રીને ડેટાબેઝમાં દાખલ કરતા પહેલાં તેની તપાસ કરવામાં આવશે. ઓછામાં ઓછા ત્રણ પ્રશિક્ષિત નિષ્ણાતો સ્વતંત્ર રીતે નક્કી કરશે કે તે બાળકોના જાતીય શોષણ સાથે સંબંધિત છે કે નહીં. પ્રારંભિક તપાસમાં સોફ્ટવેરની મદદ લેવામાં આવી શકે છે.

■ **ખોટી માહિતી દૂર કરવાની વ્યવસ્થાઃ** તપાસનો રેકોર્ડ રાખવામાં આવશે. ડેટાબેઝ સુધી કોણે પહોંચ મેળવી તેની માહિતી પણ નોંધવામાં આવશે અને સમયાંતરે સ્વતંત્ર ઓડિટ કરવામાં આવશે. ખોટી રીતે દાખલ કરવામાં આવેલી સામગ્રીને દૂર કરવાની અને તેની ફરિયાદ કરવાની વ્યવસ્થા પણ બનાવવી પડશે.

■ **એક પ્લેટફોર્મ પરથી દૂર કરાયેલી સામગ્રી બીજા પ્લેટફોર્મ પર પણ ઓળખી શકાશેઃ** સોશિયલ મીડિયા કંપનીઓ પોતાના પ્લેટફોર્મ પર ઉપલબ્ધ સામગ્રીની ડેટાબેઝ સાથે સરખામણી કરી શકશે. આથી એ જ સામગ્રી ફરીથી અપલોડ કરવામાં આવે ત્યારે પણ તેને ઓળખી શકાશે.

# ટ્રમ્પના નિર્ણયથી ભારત પર 100% ટેરિફનું જોખમ ટળ્યું

## રશિયા પર કડક પ્રતિબંધોનો કાયદો હાલ પૂરતો અટકાવ્યો; તેલના ભાવ અને અમેરિકાની મિડટર્મ ચૂંટણીની ચિંતા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર કડક પ્રતિબંધો લાદતા કાયદાના અમલને હાલ પૂરતો અટકાવી દીધો છે. આ કાયદા હેઠળ રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા ભારત અને ચીન જેવા દેશો પર ૧૦૦% સુધીનો ટેરિફ લાદી શકાયો હોત. ટ્રમ્પના નિર્ણયથી ભારત પર આ ટેરિફનું જોખમ હાલ પૂરતું ટળ્યું છે.

ભારતની કુલ કાચા તેલની આયાતમાં ઑગસ્ટ ૨૦૨૬ દરમિયાન રશિયાનો હિસ્સો આશરે ૪૫% હતો. ભારતે રશિયા પાસેથી દરરોજ સરેરાશ ૨૦.૮ લાખ બેરલ તેલ ખરીદ્યું હતું.




ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે દેશ વૈશ્વિક સ્થિતિ અને તેલની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને પોતાની ઊર્જા જરૂરિયાતો અંગે નિર્ણય લે છે.

ટ્રમ્પે આ નિર્ણય એવા સમયે લીધો છે, જ્યારે વિશ્વમાં તેલના ભાવ વધી રહ્યા છે અને નવેમ્બરમાં અમેરિકામાં મિડટર્મ ચૂંટણી યોજાવાની છે. તેલ મોંઘું થવાથી અમેરિકામાં પેટ્રોલના ભાવ વધવાની ચિંતા છે. રશિયા પર વધુ પ્રતિબંધો મૂકવાથી વૈશ્વિક પુરવઠો ખોરવાઈ શકે છે અને તેલના ભાવમાં વધુ વધારો થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે તાજેતરમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ડીઝલ ખરીદી અંગે સમજૂતીની જાહેરાત કરી હતી. રશિયન ડીઝલના વેચાણ પરના કેટલાક પ્રતિબંધોમાં એપ્રિલ ૨૦૨૭ સુધી છૂટ આપવામાં આવી છે. જોકે, રશિયા પરના પ્રતિબંધોના કાયદાને હાલ પૂરતો અટકાવવાના નિર્ણયની અમેરિકન સાંસદોએ ટીકા કરી છે. આ કાયદાને રિપબ્લિકન અને ડેમોક્રેટ બંને પક્ષોનું સમર્થન મળ્યું હતું.



# માનસિક નક્સલવાદ ઝેરી વિચારોની ઈકોસિસ્ટમઃ પ્રમુખ સંચાલિકા શાંતાકુમારી

## જનરેશન Zનું બ્રેઈનવૉશ કરે છે; જંતર-મંતર જેવા પ્રદર્શનો યુવાનો અને મહિલાઓને ઉશ્કેરી રહ્યા છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે સંકળાયેલી મહિલા સંસ્થા રાષ્ટ્ર સેવિકા સમિતિના પ્રમુખ સંચાલિકા વી. શાંતાકુમારીએ માનસિક નક્સલવાદને ઝેરી વિચારોની ખતરનાક અને અદશ્ય ઈકોસિસ્ટમ ગણાવ્યો છે. તેમણે આક્ષેપ કર્યો કે આવી વિચારધારા જનરેશન Zનું બ્રેઈનવૉશ કરી રહી છે અને યુવાનો તથા મહિલાઓમાં અશાંતિ ફેલાવી રહી છે.૧૬ ઓક્ટોબરે નાગપુરમાં યોજાયેલા રાષ્ટ્ર સેવિકા સમિતિના વાર્ષિક વિજયાદશમી ઉત્સવ અને શસ્ત્રપૂજન કાર્યક્રમને સંબોધતાં શાંતાકુમારીએ દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોની ટીકા કરી હતી. તેમણે આ પ્રદર્શનોને ગેરબંધારણીય ગણાવતાં દાવો કર્યો કે તેનો હેતુ રચનાત્મક પરિવર્તન લાવવાનો નહીં, પરંતુ દેશમાં અસ્થિરતા પેદા કરવાનો અને ભારતીય સંસ્કૃતિને નુકસાન પહોંચાડવાનો છે. શાંતાકુમારીએ કહ્યું કે દેશ અસ્થિરતાનો સામનો કરી રહ્યો છે અને કેટલાક લોકો પોતાના હિત માટે જનરેશન Zનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે માનસિક નક્સલીઓ દેશ સામે પડકારરૂપ હોવાની પણ વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના ભાષણમાં માનસિક નક્સલ શબ્દનો ઉપયોગ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે જંગલોમાં સશસ્ત્ર નક્સલવાદ સામે સફળતા મળી છે, પરંતુ માનસિક નક્સલવાદી વિચારધારા હજુ પણ આસપાસ હાજર છે. રાષ્ટ્ર સેવિકા સમિતિના વિજયાદશમી ઉત્સવ દરમિયાન શસ્ત્રપૂજન અને વિવિધ કલાઓનાં પ્રદર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

# લાલકૃષ્ણ અડવાણી છાતીમાં ઈન્ફેક્શનથી હોસ્પિટલમાં દાખલ

## તબિયત સ્થિર, ICUમાં સારવાર ચાલુ; કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ હોસ્પિટલ પહોંચીને ખબર પૂછી




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને શુક્રવારે મોડી સાંજે છાતીમાં ઈન્ફેક્શનની ફરિયાદને પગલે દિલ્હીની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમની તબિયત હાલ સ્થિર છે અને તબીબોની દેખરેખ હેઠળ સારવાર ચાલી રહી છે. અડવાણીને શુક્રવારે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. તેમને ICUમાં રાખવામાં આવ્યા છે અને ન્યુરોલોજિસ્ટ ડૉ. વિનિત સૂરી સહિત તબીબોની ટીમ તેમની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. હોસ્પિટલ દ્વારા તેમનું હેલ્થ બુલેટિન પણ જાહેર કરવામાં આવ્યું છે.દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને ભાજપના નેતા જે.પી. નડ્ડા હોસ્પિટલ પહોંચ્યા હતા અને અડવાણી સાથે મુલાકાત કરીને તેમના સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવી હતી.અડવાણી દિલ્હીના લુટિયન્સ ઝોનમાં પૃથ્વીરાજ રોડ પર આવેલા સરકારી બંગલામાં રહે છે. તેમની પત્ની કમલા અડવાણીનું ૨૦૧૬માં નિધન થયું હતું. ત્યારથી તેમની પુત્રી પ્રતિભા અડવાણી તેમની દેખભાળની જવાબદારી સંભાળી રહી છે. લાલકૃષ્ણ અડવાણીનો જન્મ ૮ નવેમ્બર ૧૯૨૭ના રોજ કરાચીમાં થયો હતો. તેઓ ભાજપના સ્થાપક સભ્યોમાં સામેલ છે.

## દુર્ગા પૂજા મહોત્સવઃ ત્રણ દાયકામાં બદલાયો પશ્ચિમ બંગાળની થીમ પૂજાનો ચહેરો; પંડાલોમાં પરત ફરી ઈતિહાસ–સનાતન–સંસ્કૃતિ અને વારસાની કહાની, મૂળિયાં સાથે જોડાઈ રહ્યા છે દર્શકો

# સોમનાથ, હવામહેલ; વંદે માતરમ્, રામાયણ અને લોક-સંસ્કૃતિ થીમ પર સજેલા પંડાલ બન્યા આકર્ષણ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ક્યારેક કાપડ અને વાંસથી બનેલા પારંપરિક મંડપો સુધી સીમિત રહેનારી પશ્ચિમ બંગાળની દુર્ગાપૂજા આજે દુનિયાના સૌથી મોટા સાર્વજનિક કલા ઉત્સવોમાં છવાઈ ગઈ છે. છેલ્લા કેટલાક વર્ષો સુધી જ્યાં પંડાલોમાં બુર્જ ખલીફા, ડિઝનીલેન્ડ, વેટિકન, અંતરિક્ષ અભિયાન અને અત્યાધુનિક તકનીકની ઝલક જોવા મળતી હતી, ત્યાં આ વખતે કોલકાતા પોતાની સાંસ્કૃતિક જડો, ઐતિહાસિક સ્મૃતિઓ અને ભારતીય વારસાની છટા વિખેરી રહ્યું છે. આ બદલાવ વિચારધારાનું પરિવર્તન છે. આ પ્રયાસ કોલકાતાના દર્શકોને ઈતિહાસ, સમાજ, સંસ્કૃતિ અને ઓળખ સાથે જોડવાનો સંદેશ પણ છે.

### દશાવતારથી ’અંતર્લીન’ સુધી, દેખાશે અનોખી કલા

અગરપાડા તારાપુકુર આદિ સાર્વજનિન દુર્ગોત્સવની ૨૦૨૬ ની થીમ ’દશમ અવતાર’ છે. અહીં ભગવાન વિષ્ણુના દસ અવતારોને પંડાલની કલા અને સજાવટ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા છે. વૈષ્ણવઘાટા પાટુલી ઉપનગરી સાર્વજનિન દુર્ગોત્સવની આ વર્ષની થીમ ’અંતર્લીન’ છે.




### પ.બંગાળઃ 1990ના દાયકામાં શરૂ થયો ટ્રેન્ડ

પશ્ચિમ બંગાળમાં થીમ આધારિત દુર્ગાપૂજાનો ટ્રેન્ડ ૧૯૯૦ ના દાયકામાં શરૂ થયો હતો. તે સમયે કેટલીક પૂજા સમિતિઓએ પંડાલને માત્ર પૂજા સ્થળના બદલે કલા અને વિચારની અભિવ્યક્તિનું માધ્યમ બનાવવાનું શરૂ કર્યું. ધીમે ધીમે આ પ્રયોગ એટલો લોકપ્રિય થયો કે આજે થીમ જ કોઈ મોટા પંડાલની ઓળખ બની ચૂકી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં થીમ પૂજાનું સ્વરૂપ ઝડપથી બદલાયું છે. બદલાતા સમયની સાથે પ્રદેશમાં સત્તા પરિવર્તન પછી આ વર્ષે દુર્ગા પૂજાની થીમમાં મોટો બદલાવ જોવા મળ્યો છે. પ્રમુખ પૂજા સમિતિઓના પંડાલોએ વારસો, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સ્મૃતિઓને સંજોવી છે. અહીં રાષ્ટ્રવાદ અને સનાતન-સંસ્કૃતિની ઝલક પણ સ્પષ્ટ દેખાઈ રહી છે.



## હવામહેલ-વંદે માતરમ્ છોડી રહ્યા છે છાપ



આ વર્ષે સૌથી વધુ ચર્ચા શ્રીભૂમિ સ્પોર્ટિંગ ક્લબની છે. પાછલા વર્ષોમાં બુર્જ ખલીફા, ડિઝનીલેન્ડ અને અક્ષરધામ જેવી ચર્ચિત પ્રતિકૃતિઓ બનાવનારી આ પૂજા સમિતિએ આ વખતે રાજસ્થાનના પ્રસિદ્ધ હવામહેલની થીમને સાકાર રૂપ આપ્યું છે. હવામહેલની વિશિષ્ટ સ્થાપત્ય શૈલી અને તેના સેંકડો ઝરૂખા આ પંડાલનું મુખ્ય આકર્ષણ છે. એકડાલીયા એવરગ્રીન પૂજા સમિતિએ ગુજરાતના પ્રસિદ્ધ સોમનાથ મંદિરને પોતાની થીમ બનાવી છે. સંતોષ મિત્ર સ્ક્વાયર પર આ વખતે ’સનાતની ચેતનાય વંદે માતરમ’ થીમ દર્શકો પર ઊંડી છાપ છોડી રહી છે. વંદે માતરમ્ ના ૧૫૦ વર્ષ પૂરા થવાના અવસરે સ્વતંત્રતા આંદોલન અને રાષ્ટ્રીય ચેતનાને લાઈટ્સ અને સાઉન્ડ શો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી છે. સાર્વજનીન દુર્ગોત્સવ સમિતિની રામાયણ થીમમાં કથાને કલાત્મક ચિત્રાંકન અને સ્થાપત્ય દ્વારા દર્શાવવામાં આવી છે.

### લોકજીવન પણ ઊભરી રહ્યું છે

ચલતા બાગાનનું ’નિશાન’ છત્તીસગઢના રામનામી સમાજની સાંસ્કૃતિક પરંપરા પર આધારિત છે, જ્યારે હાજરા પાર્ક બંગાળની લોક અને શિલ્પ પરંપરાઓને ’ધ આર્ટ ઓફ બંગાળ’ થીમ દ્વારા પ્રદર્શિત કરી રહ્યું છે. સમાજસેવી સંઘે મહાનાયક ઉત્તમ કુમારને સમર્પિત પંડાલ સજાવ્યો છે, જ્યાં તેમની ફિલ્મો અને બંગાળી સિનેમાના સુવર્ણ યુગને નવા અંદાજમાં રજૂ કરવામાં આવ્યો છે.

# જામનગર રિલાયન્સમાં નવરાત્રીની જમાવટ !

## બોલીવુડના સુપર સ્ટારો ખેલૈયાઓનાં પર્ફોમન્સથી ખેલૈયાઓ ગરબે રમ્યા









**સિટી ન્યૂઝ@જામનગર**

જામનગર નજીક મોટી ખાવડી પાસે રિલાયન્સ ગ્રીનમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, છેલ્લા પાંચ દિવસથી બોલીવુડના સુપર સ્ટારો ખેલૈયાઓનું પર્ફોમન્સથી મનમોહી રહ્યા છે ત્યારે ગઈકાલે પણ બોલીવુડના સુપરસ્ટાર શાહીદ કપુર સહિત ઓરી, કોમેડી કીંગ સમય રૈના, હર્ષ લીંબાચીયા, સહિતના અનેક કલાકાર જામનગર એરપોર્ટ ખાતે જોવા મળ્યા હતા અને ત્યાંથી મોંઘીદાટ કારના કાફલા સાથે રિલાયન્સ મહોત્સવમાં જોડાવા માટે રવાના થયા હતા. ગઈકાલે રાત્રે શાહીદ કપુર પોતાના અદભૂત ડાન્સ પર્ફોમન્સથી ખેલૈયાઓને ડોલાવ્યા હતા. આગામી દિવસોમાં પણ અનેક બોલીવુડના દિગ્ગજ કલાકારો રિલાયન્સ નવરાત્રી મહોત્સવમાં જોડાશે. મળતી માહિતી મુજબ આજે ક્રીતી સેનન, તા.૧૭ એટલે આવતીકાલે સાઉથની જાણીતી કલાકાર રશ્મિકા મંધાના, તા.૧૮ના રોજ બોલીવુડના દિગ્ગજ અક્ષયકુમાર અને દિશા પટ્ટણી, તેમજ તા.૧૯ અને છેલ્લા નોરતે બોલીવુડના સુપર સ્ટાર અને સુપર એનર્જીટીક રણવીરસિંગની આવવાની શકયતા જોવા મળી રહી છે. ખેલૈયાઓમાં રીલાયન્સના નવરાત્રી મહોત્સવ સહિત સેલીબ્રીટીઓને જોવા માટે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.






CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

# જૂની સાડીઓમાંથી બનાવો ટ્રેન્ડી ગરબા-લુક





**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવરાત્રિ આવતાં જ ચણિયાચોળી અને નવાં આઉટફિટ્સનું શૉપિંગ મોટો ખર્ચ બની જાય છે. જો તમે ચણિયાચોળી અને હેવી કૉસ્ચ્યુમ પહેરવાનો કંટાળો આવતો હોય તો કંઈક હળવું અને ફ્યુઝન ટ્રાય કરી શકો. તમારા અથવા મમ્મીના વૉર્ડરોબમાં પડેલી જૂની સિલ્ક, બાંધણી કે પટોળા સાડીનો ઉપયોગ કરીને યુનિક, એલિગન્ટ અને મૉડર્ન એથ્નિક લુક તૈયાર કરી શકો છો. આ રીતે રીસાઇકલ કરેલાં આઉટફિટ્સ માત્ર બજેટ જ નથી બચાવતાં, ગરબા ગ્રાઉન્ડ પર તમને સૌથી અલગ પણ દર્શાવે છે.

સાડીના ફેબ્રિકનો ઉપયોગ કરીને સીવ્યા વગર અથવા ઓછા ખર્ચે ચણિયાચોળી બનાવી શકાય છે. જો ઘરમાં જૂનાં પટોળાં, કાંજીવરમ્ કે બનારસી સાડી હોય તો એમાંથી નાની-નાની પ્લીટ્સ લઈને ઘેરદાર ચણિયો બનાવી શકાય છે. સાડીની હેવી બૉર્ડર ચણિયાના નીચેના ભાગમાં આવશે, જે એને એકદમ રૉયલ લુક આપશે. સાડીનો જે પલ્લુનો ભાગ હોય છે એનો ઉપયોગ દુપટ્ટા તરીકે કરો. સાડીમાંથી બચેલા ફેબ્રિકમાંથી સિમ્પલ બ્લાઉઝ બનાવો. આ હેવી પલ્લુને ક્રૉસમાં ડ્રેપ કરો.

જો સાડીને કાપવી ન હોય તો માત્ર ડ્રેપિંગની નવી ટેક્નિકથી નવરાત્રિનો લુક તૈયાર કરી શકાય છે. બાંધણી કે ગજી સિલ્કની સાડીને લેગિંગ્સ કે પલાઝો પર ધોતી સ્ટાઇલમાં ડ્રેપ કરો. આ લુકમાં ગરબા રમતી વખતે મૂવમેન્ટ પણ સરળ રહે છે. આ ઉપરાંત સાડીને ટ્રેડિશનલ રીતે પહેરીને પલ્લુને પ્લેટ્સમાં સેટ કરો અને ઉપર કમરપટ્ટો કે ચામડાનો બેલ્ટ પહેરો. એના પર કચ્છીવર્ક કે મિરરવર્કવાળું શૉર્ટ શ્રગ અથવા જૅકેટ પેર કરવાથી મૉડર્ન લુક મળે છે. અત્યારે નવરાત્રિમાં ઇન્ડો-વેસ્ટર્ન આઉટફિટ્સનો ભારે ક્રેઝ છે. જૂની સિલ્ક કે જ્યૉર્જેટ સાડીઓ આ માટે બેસ્ટ ઑપ્શન છે. ચંદેરી કે પ્રિન્ટેડ સાડીમાંથી લૉન્ગ શ્રગ સિવડાવી લો. એને તમે કોઈ પણ સિમ્પલ પ્લેન ક્રૉપ ટૉપ અને / અથવા જીન્સ સાથે પેર કરી શકો છો. જ્યૉર્જેટ કે શિફોનની બાંધણી સાડીમાંથી ફ્રી-સાઇઝ કફ્તાન કુરતી બનાવી શકાય છે. એના પર મિરરવર્ક કે ગોટાપટ્ટીની લેસ લગાવીને ટ્રેડિશનલ ટચ આપી શકાય છે.

જો સાડી જૂની કે થોડી ખરાબ હોય પણ એની બૉર્ડર સારી હોય તો ઘરમાં પડેલા કોઈ પણ પ્લેન લેહંગા કે પ્લેન દુપટ્ટા પર આ બૉર્ડર લગાવડાવી લેવાથી લુક ઇન્સ્ટન્ટ એલિવેટ થઈ જશે.



# ગરબામાં મેકઅપ નહીં થાય મેલ્ટ, અપનાવો આ ટિપ્સ

## પરસેવા વચ્ચે પણ મેકઅપ લાંબો સમય ટકાવી રાખવા આઇસ ફેશ્યલથી સેટિંગ સ્પ્રે સુધીની ટિપ્સ ઉપયોગી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવરાત્રિના દિવસોમાં હાઇ-ઇન્ટેન્સિટી ગરબા અને ગ્રાઉન્ડની ઝાકમઝોળની સાથે ગરબારસિકોની ભીડ વચ્ચે ત્રણથી ૪ કલાક સુધી રહેવાથી અતિશય પસીનો થવો સ્વાભાવિક છે. શરીરના તાપમાન કરતાં સ્કિન પરની ઑઇલીનેસ અને પરસેવો ભેગાં થઈને ચહેરા પરના મેકઅપને રહેવા નથી દેતાં. પરિણામે ગરબાના ગ્રાઉન્ડમાં પહોંચ્યાના અડધા કલાકમાં જ મહેનતથી કરેલો મેકઅપ મેલ્ટ થવાની સમસ્યા સર્જાય છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર વધુ મેકઅપ પ્રોડક્ટ્સ લગાવવામાં નથી પણ યોગ્ય સ્કિન-પ્રિપેરેશન છે.

### ગરબા દરમ્યાન મેલ્ટ થતા મેકઅપને કેવી રીતે અટકાવવો?

- **આઇસ ફેશ્યલ :** સુતરાઉ કાપડમાં વીંટેલો બરફનો ટુકડો લો અને એનાથી મેકઅપ શરૂ કરતાં પહેલાં ચહેરા પર પાંચથી ૧૦ મિનિટ સુધી મસાજ કરો. આ આઇસ ફેશ્યલથી ત્વચાનાં પોર્સ થોડા સમય પૂરતાં સંકોચાઈ જાય છે, ત્વચાનું તાપમાન ઘટે છે અને પરસેવો ઓછો થાય છે.
- **સિલિકૉન–બેઝ્ડ પ્રાઇમરઃ** ગરબા રમવા જતાં પહેલાં ઑઇલ-બેઝ્ડ પ્રોડક્ટ્સને બદલે વૉટર-બેઝ્ડ અથવા સિલિકૉન-બેઝ્ડ પ્રાઇમર પસંદ કરવું વધુ હિતાવહ છે. સિલિકૉન પ્રાઇમર ત્વચા અને મેકઅપ વચ્ચે બૅરિયર બનાવે છે, જે અંદરના પરસેવાને મેકઅપ સાથે મિક્સ થવા દેતું નથી.
- **બેકિંગ ટેક્નિક :** તમે જ્યારે કન્સીલર કે ફાઉન્ડેશન લગાવો છો તો એ પછી ટ્રાન્સલ્યુશન પાઉડરથી બેક કરવું વધુ જરૂરી છે. બેક કરવું એટલે પાઉડર લગાવીને બે મિનિટ રહેવા દો અને પછી ચહેરા પર વધારાનો પાઉડર કાઢવા માટે બ્રશ ફેરવી લો. આ પાઉડર ત્વચાના વધારાના ભેજને શોષી લે છે. પાઉડર પફ વડે ટ્રાન્સલ્યુશન પાઉડરને ચહેરાના T-ઝોન પર દબાવીને સેટ કરવાથી બેઝ લૉક થઈ જાય છે.
- **વૉટરપ્રૂફ પ્રોડક્ટ્સનો ઉપયોગ :** આઇલાઇનર, મસ્કરા અને લિપસ્ટિક હંમેશાં વૉટરપ્રૂફ અને સ્મજપ્રૂફ ફૉર્મ્યુલેશન ધરાવતાં હોવાં જોઈએ. જેલ-બેઝ્ડ આઇલાઇનર અને મેટ લિક્વિડ લિપસ્ટિક પરસેવાથી ખરાબ થતાં નથી.
- **સેટિંગ સ્પ્રે :** મેકઅપના દરેક લેયર બાદ અને ફાઇનલ લુક પછી મેકઅપ સેટિંગ સ્પ્રેનો ઉપયોગ કરવો જોઈએ. સેટિંગ સ્પ્રે મેકઅપનાં તમામ કેમિકલ લેયર્સને એકસાથે બાઇન્ડ કરે છે અને એક વૉટર-રેઝિસ્ટન્ટ સ્તર પૂરું પાડે છે.

વૉટરપ્રૂફ મેકઅપ અને લૉન્ગ-લાસ્ટિંગ ફાઉન્ડેશન પાણીથી સાફ થતાં નથી કારણ કે એ ઑઇલ-રેઝિસ્ટન્ટ હોય છે. ગરબા રમીને ઘરે આવો ત્યારે ત્વચા પર કન્જેશન અટકાવવા માટે ક્લેન્ઝિંગ બામ, ફેસ ઑઇલ અથવા ડ્યુઅલ-ફેઝ મિસેલર વૉટરનો ઉપયોગ કરો.




સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

16 | 17 OCTOBER 2026, SATURDAY

CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883




### સંગીતના સૂર, ગરબાની ધૂન અને ખેલૈયાઓના ઉત્સાહે રાસવિલાને બનાવ્યું આકર્ષણનું કેન્દ્ર!

# તારા વિના શ્યામ મને એકલડું લાગે રાસવિલામાં રાજકોટ ગરબે ઝૂમે!















સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
17 | 17 OCTOBER 2026, SATURDAY

CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

# બ્રિજ રાસોત્સવમાં છઠા નોરતે મંડળી રાસના સથવારે ખેલૈયાઓ ઝૂમ્યા















‘ખાસ-ખબર’ પ્રેઝન્ટ્સ ’બ્રિજ રાસોત્સવ-૨૦૨૬’માં નોરતાના છઠ્ઠા દિવસે મોટી સંખ્યામાં ખેલૈયાયો મંડળી રાસ, ફ્રી સ્ટાઈલના સથવારે મન મૂકીને ઝૂમી ઉઠયા હતા. પ્રીમિયમ સાઉન્ડ અને રોશની વચ્ચે વિશાળ સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા હતા. તેમજ બેસ્ટ પ્રિન્સ, બેસ્ટ પ્રિન્સેસ, બેસ્ટ ડ્રેસિંગ અને વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલૈયાઓને દરરોજ શાનદાર ઈનામોથી નવાજવામાં આવી રહ્યા છે. જાણીતા સિંગર ધ્રુવીલ સાગઠિયા, તુષાર ચુડાસમા અને શ્રદ્ધા મારુના મધુર કંઠે ગવાયેલા ગરબા તથા અત્યાધુનિક સાઉન્ડ સિસ્ટમના તાલે સમગ્ર જીમખાના ગ્રાઉન્ડ ભક્તિ અને ઉત્સાહના રંગે રંગાઈ ગયું હતું. જ્યારે સ્ટેજનું જબરદસ્ત સંચાલન એન્કર દર્શિકા સોની દ્વારા કરવામાં આવી રહ્યું છે. આયોજક અંકિતસિંહ ચાવડા અને તેમની સમર્પિત ટીમની અથાક મહેનતથી રાજકોટના ગરબા રસિકો માટે શ્રેષ્ઠ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. અહીં શુદ્ધ પારિવારિક માહોલ અને પ્રીમિયમ ક્રાઉડ વચ્ચે દરેક ઉંમરના ખેલૈયાઓ કોઈપણ સંકોચ વગર ગરબાનો આનંદ માણી રહ્યા છે. આ જાજરમાન આયોજનમાં રામભાઈ મોકરિયા (પૂર્વ સાંસદ  રાજ્યસભા), રાજાભાઈ વાવડી, તીર્થરાજસિંહ ગોહિલ, પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા, હરદીપસિંહ સિંધવ, જેકીભાઈ પરમાર (મહામંત્રી  ગોંડલ શહેર), વિશ્વરાજસિંહ જાડેજા (મહામંત્રી  યુવા મોરચા ગોંડલ) વિશ્વરાજસિંહ જાડેજા (મહામંત્રી  યુવા મોરચા ગોંડલ) સહિત શહેરના અનેક અગ્રણી મહાનુભાવો, સામાજિક અગ્રણીઓ અને ઉદ્યોગપતિઓએ રૂબરૂ મુલાકાત લઈ બિરદાવી રહ્યા છે.



# રાજકોટની શાન: 129 વર્ષ જૂની ઐતિહાસિક 'ગરુડ ગરબી'નો અદભુત વારસો






## રાજાશાહી કાળ અને સૈનિકોની ભક્તિથી શરૂ થયેલી પરંપરા આકાશમાંથી અવતરતા દેવસ્વરૂપો–બાળસંસ્કારનું સિંચન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના રામનાથપરા વિસ્તારમાં યોજાતી 'ગરુડ ગરબી' એ માત્ર નવરાત્રીનો ઉત્સવ નથી, પરંતુ તે શહેરના ૧૨૯ વર્ષ જૂના ભવ્ય ઈતિહાસ અને રાજાશાહી વિરાસતનું જીવંત પ્રતીક છે. ઈ.સ. ૧૮૯૭માં નગરની સુરક્ષા માટે બનાવેલા એક વિશાળ પિલર પરથી આ ગરબીનો ઉદ્ભવ થયો હતો. રાત્રિના ઘનઘોર અંધકારમાં નગરની રખેવાળી કરતા સૈનિકોનો ભય દૂર કરવા માટે આ પિલર પર માતાજીના પ્રતીક રૂપે ત્રિશૂલ અને સુરક્ષાના પ્રતીક તરીકે ભગવાન વિષ્ણુની સ્થાપના કરવામાં આવી હતી. શરૂઆતમાં સૈનિકો દ્વારા પિલર પર જ ગવાતા પાંચ ગરબાની એ ભક્તિએ આજે એક વિશાળ અને અનોખી લોકપરંપરાનું સ્વરૂપ લઈ લીધું છે. આ ગરબીનું સૌથી મોટું અને અદભુત આકર્ષણ ૯૦ વર્ષ પહેલાં કલાકાર સુંદરભાઈ દ્વારા દોરડા અને ગરેડાની મદદથી તૈયાર કરાયેલું લાકડાનું વિશિષ્ટ ગરુડ છે. નવરાત્રી દરમિયાન આ ગરુડ પર બિરાજમાન થઈને દેવસ્વરૂપો પિલર પરથી નીચે ચાચર ચોકમાં અવતરે છે. આ દૃશ્ય એટલું આહલાદક હોય છે કે જાણે સાક્ષાત દેવો આકાશમાંથી પૃથ્વી પર પધારી રહ્યા હોય! સમય જતાં જૂનું ગરુડ જર્જરિત થતાં, કલાકારોની મહેનતથી નવું ગરુડ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જે આ ઐતિહાસિક ધરોહરની ભવ્યતાને આજે પણ અકબંધ રાખે છે. છેલ્લા ૨૦-૨૫ વર્ષથી આ પરંપરામાં એક ખૂબ જ સુંદર અને અર્થપૂર્ણ બદલાવ લાવવામાં આવ્યો છે. હવે મોટા કલાકારોને બદલે નાના બાળકોને ભગવાનના સ્વરૂપમાં ગરુડ વાહન પર બેસાડીને ઊંચાઈ પરથી નીચે ચાચર ચોકમાં ઉતારવામાં આવે છે. આ નવતર પ્રયોગ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના મનમાંથી ઊંચાઈ અને અંધકારનો ડર કાયમ માટે દૂર કરવાનો તથા તેમનામાં બાળપણથી જ હિંમત, ઉત્સાહ અને સંસ્કારોનું સિંચન કરવાનો છે. આધુનિક સમયમાં પણ આપણી પ્રાચીન સંસ્કૃતિના આ અલૌકિક નજારાને નિહાળવા માટે આજે પણ હજારોની મેદની દરરોજ ઉમટી પડે છે.








સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
19 | 17 OCTOBER 2026, SATURDAY

CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883


# સોનમ ગરબામાં સાક્ષાત માતાજી રાસે રમવા આવ્યા હોય તેવી અનુભૂતિ

## વિશ્વ વણિક સામાજિક સંગઠન અને જૈન વિઝન સોનમ ગરબાના ખેલૈયાઓની કલા નિહાળી નિર્ણાયકો પણ દંગ









**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર શીતલ પાર્ક ચોકડી પાસે વિશ્વ વણિક નવનાત વણિક સંગઠન અને જૈન વિઝન દ્વારા આયોજિત સોનમ ગરબામાં રોજે રોજ જે આધ્યાત્મિક માહોલ જોવા મળે છે તેના પરથી સાક્ષાત માતાજી ગરબે રમવા આવ્યા હોય તેવી અનુભૂતિ થઈ રહી છે. નવનાત વણિક સમાજના હજારો ભાઈ બહેનો અવનવી વેશભૂષામાં સજ્જ થઈને જ્યારે ગરબા લે છે ત્યારે એક અનોખો માહોલ સર્જાય છે. અહીં આવતા ખેલૈયાઓ અને દર્શકોને સંપૂર્ણ પારિવારિક માહોલ અને સુંદર તથા સલામત આયોજન નો લાભ મળે છે. આ વખતની નવરાત્રીને પ્રીમિયમ નવરાત્રીનું બિરુદ આપવામાં આવ્યું છે અને ખાસ કરીને નવી પેઢીના ખેલૈયાઓ માટે આ નવરાત્રી નું આયોજન શ્રેષ્ઠ સાબિત થયું છે.

ખેલૈયાઓનો જોશ અને ઉમંગ જોઈને નિર્ણાયકો પણ દંગ રહી જાય છે. છઠ્ઠા નોરતે રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા,મંન હોસ્પિટલના  ડો નીતિન લાલ, ઈંપિરિયલ હોટલના માલિક અતુલભાઈ શેઠ,જાણીતા અગ્રણી કેયુરભાઈ વોરા, મોઢવણીક જ્ઞાતિના પ્રમુખ ભાગ્યેશ વોરા અને મંત્રી અતુલભાઈ વોરા, શિક્ષણ સમિતિના સભ્ય પ્રવીણભાઈ ચાવડા, ફ્રીડમ યુવા ગ્રુપના મંત્રી સુરેશભાઈ રાજપુરોહિત, મેહુલભાઈ વોરા, મિલનભાઈ વોરા, સાવનભાઈ ભાડલીયા, નીતિનભાઈ જરીયા, ડો, અતુલભાઈ જોશી,અરવિંદભાઈ નાઢા, સંજયભાઈ નાઢા, હરકિશનભાઈ વૈઠા, ગેલેક્સી હોટલના કલ્પેશભાઈ પલાણ,

**ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ**

જેબીઓ ગ્રુપના હર્ષિલભાઈ શાહ, જ્વેલદીપ જ્વેલર્સના અમિતભાઈ રૂપારેલીયા દશા સોરઠીયા વણિક બોર્ડિંગના ભુપતભાઈ ભુપતાણી,મિલન ત્રિવેદી, મનુભાઈ પટેલ, મયુર્ધ્વજસિંહ જાડેજા, (ઢોલરા) તેમજ સુપરકાંડ મુવીના કલાકારો સહિતના મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. છઠ્ઠા નોરતે સિનિયર પ્રિન્સેસ પ્રિયા ગોડા, ખુશાલી શેઠ અને મૈત્રી સંઘવી, સિનિયર પ્રિન્સ સિદ્ધાર્થ દોશી, વંશ જૈન અને ધવન શેઠ ઉપરાંત વેલ ડ્રેસ પ્રિન્સેસ પૂજા પટેલ તથા પ્રિન્સ તીર્થ કોઠારી, કિડ્સ પ્રિન્સેસ અનન્યા ગોરસીયા અને પ્રિન્સ ક્રિયાન મહેતા તથા કિડ્સ વેલ ડ્રેસ પ્રિન્સેસ ફેની વોરા અને પ્રિન્સ કાવ્ય ગાંધી વિજેતા બન્યા હતા.

આ વિજેતાઓને ભરતભાઈ દોશી, મહેન્દ્રભાઈ શેઠ, નીલાબેન, કાજલબેન દેસાઈ, રાહુલભાઈ દેસાઈ, દશા સોરઠીયા વણિક બોર્ડિંગના અતુલભાઈ કોઠારી,એડવોકેટ હર્ષિલ શાહ, એડવોકેટ રાજુભાઈ ધ્રુવ, જીગ્નેશ વૈદ, નીરુબા જાડેજા શ્રી અને શ્રીમતી અમિત રૂપારેલીયા, કેતનભાઈ મહેતા અને કમલેશભાઈ દોશીના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

ટિમ આગેવાન સી એમ શેઠ, મિલન કોઠારી, સુનિલ, શાહ, અજિત જૈન, ભરત દોશી, ગિરીશ મહેતા યોગન દોશી, નીલ મહેતા,હિતેશ દેસાઈ, ધવલ મહેતા, પ્રતીક, શાહ, કેતન સંઘવી, અતુલભાઈ કોઠારી, જયેશભાઈ ધ્રુવ, સુનિલ કોઠારી, નિરવ મહેતા, કપિલ દેસાઈ, જય મહેતા, ડો હાર્દિક શાહ, સેલેશ મહેતા, ચેતન મહેતા, દિપક કરચીલીયા સહિતના આગેવાનો જેહમત ઉઠાવી રહ્યા છે.






CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



# મુંબઈથી ગાડી આવી રે..હો દરિયાલાલા

# ગોપી રાસોત્સવમાં બહેનોની કલા ખીલી ઉઠી

## સરગમ લેડીઝ ક્લબ આયોજિત રાસોત્સવમાં બહેનોએ કલાનું અદભૂત પ્રદર્શન કર્યું

## વિવિધ ક્ષેત્રના મહાનુભાવોના હસ્તે બહેનોને લાખેણા ઈનામ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ લેડીઝ આયોજિત ગોપી રાસોત્સવમાં છઠ્ઠા નોરતે બહેનોની કલા ખીલી ઉઠી હતી. આ રાસોત્સવમાં રજૂ થયેલા પ્રાચીન અને અર્વાચીન ગરબા ઉપર બહેનોને થીરકતી જોઈને દર્શકો અને મહાનુભાવો દંગ રહી ગયા હતા. આ ગોપી રાસનું એક મુખ્ય આકર્ષણ બહેનોની વેશભૂષા પણ હતી. અવનવા પોશાકમાં શૃંગાર કરીને આવેલી બહેનોને જોઈને સાક્ષાત માતાજી મેદાનમાં ગરબા લેવા ઉતર્યા હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું. આ રાસોત્સવના ગોપીઓને રમતી જોવા માટે અનેક મહેમાનો ઉમટી પડ્યા હતા અને આ તમામના હસ્તે વિજેતા બહેનોને લાખેણા ઈનામ આપવામાં આવ્યા હતા.





સરગમ ગોપીરાસમાં મનસુરભાઈ ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રા ના સથવારે અને કીબોર્ડ તુષારભાઈ ગોસાઇ સાથે ગાયક કલાકારો આસિફ જેરિયા, હેમંત પંડ્યા, નિલેષ પંડ્યા, પ્રિયા જોશી, વિજયાબેન ટીમાણિયા સંગીતમાં જમાવટ કરે છે. જે મહેમાનો સરગમના આંગણે આવ્યા હતા તેમાં નટુભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, મનસુખભાઇ પાલ, હેતલભાઇ રાજ્યગુરુ, શૈલેષભાઈ પાબારી, નલિનભાઈ ઝવેરી, તેજસભાઈ ભટ્ટી, અશોકભાઈ વૈષ્નાની, દિલીપભાઇ શેઠ, રામજીભાઇ વેકરીયા, હરદેવસિંહ જાડેજા, દિનેશભાઈ વિરાણી, પ્રેમકુમાર અગ્રવાલ, કે.કે.જૈન, પ્રશાંતભાઈ બંસલ, સુરેશભાઇ પરાશ્રમપુરા, પરેશભાઈ ઠાકર, મનસુખભાઈ ભીમાણી, અશ્વિનભાઈ આદ્રોજા, દક્ષાબેન વસાણિ, કરશનભાઇ આદ્રોજા, હરેશભાઈ પરસાણા, મનીષભાઈ ભટ્ટ વગેરેનો સમાવેશ થતો હતો.

આઠમા નોરતે જે મહેમાનો ઉપસ્થિત રહેવાના છે તેમાં જીતુભાઈ વાઘાણી, તુષાર સુમરા (IPS), ડૉ. ઓમ પ્રકાશ મીના (IAS), બ્રિજેશ ઝા (IPS), નીલિપ્ત રાય (IPS), ચૈતન્ય માંડલિક, હેતલબેન પટેલ (IPS), રાકેશ દેસાઇ (IPS), જગદીશ બાંગરવા (IPS), વિજયસિંહ ગુર્જર (IPS), એમ. ડી. ચુડાસમા (IAS), શિવાકુમાર, વિવેકાનંદ રાય, સતીશકુમાર ગોયલ, ગિરિરાજકુમાર મીના, બી.બી. બસિયા, પી.બી. જાડેજા, હરપાલસિંહ જાડેજા (IPS), ભરતભાઈ ચાવડા, અતુલ સિંઘ (IAS), આનંદ સુરેશ, અજયભાઈ ઝાપડા, વી.પી. જાડેજા, હિતેશ દિહોરા, વી. બી. ભીમાણી, હરદેવસિંહ જાડેજા , સિધ્ધાર્થભાઈ જાની તેમજ પરેશભાઈ રાવલ, કુંવરજીભાઈ બાવળિયા, ડો. ભરતભાઈ બોઘરા, માંધાતાસિંહ જાડેજા, મૌલેશભાઈ પટેલ, યોગેશભાઈ પૂજારા, કિરીટભાઈ આદ્રોજા, ઈન્દ્રનીલભાઈ રાજયગુરુ, પ્રભુદાસભાઈ પારેખ, કમલનયન સોજીત્રા, કશ્યપભાઈ શુક્લ, ગોવિંદભાઈ પટેલ, ચંદુભાઈ વિરાણી, ચમનભાઈ ઝવેરી, દિનેશભાઈ અમૃતિયા, જયેશભાઈ કથીરીયા, રમણીકભાઈ જસાણી, મધુભાઈ પરમાર, કેતનભાઈ ચોટાઈ, મહેન્દ્રભાઈ નથવાણી, હાર્દિકભાઈ દત્તાણી, રમેશભાઈ લીંબાસિયા, ઈશ્વરભાઈ પટેલ, પરેશભાઈ પારેખ, ઉદયભાઈ પારેખ, હિમાંશુભાઈ નંદવાણા, અશોકભાઈ ડોબરીયા, મયુરધ્વજસિંહ જાડેજા, વિનયભાઈ કારિયા, મગનભાઈ પટેલ, અરવિંદભાઈ પાટડીયા, કિરણભાઈ બાટવીયા, જગદીશભાઇ બોઘરા, વીજયભાઈ સોલંકી (R.P), નલિનભાઈ ઝવેરી, બટુકભાઇ સાકરીયા, કમલભાઈ ધામી, ડૉ. વીભાકર ભાઈ વછરાજાની તેમજ નલિનભાઇ વસા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ રાસોત્સવની સફળતા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ભરતભાઇ સોલંકી, રાજેન્દ્રસિંહ ગોહિલ, રાજેન્દ્રભાઈ શેઠ, કનૈયાલાલ ગજેરા, સુરેશભાઈ દેત્રોજા, જયપાલસિંહ ઝાલા,વલ્લભભાઇ ગોંડલિયા, ડૉ. પંકજભાઈ રાઠોડ, વિનુભાઇ વ્યાસ, મનમોહનભાઈ પનારા, ઉપરાંત લેડિઝ કલબના ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા, અલકાબેન કામદાર, છાયાબેન દવે, ગીતાબેન હીરાણી, ડૉ. અલ્કાબેન ધામેલિયા, જાનવીબેન, હર્ષાબેન કથ્રેચા, રેખાબેન રાઠોડ, નિતાબેન પરસાણા, જયશ્રીબેન મહેતા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

21 | 17 OCTOBER 2026, SATURDAY

CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



### 45માં વર્ષે પ્રાચીન ગરબી નિહાળતા ભાજપના પદાધિકારીઓ

# સેવા, સંસ્કાર અને સ્નેહનો ત્રિવેણી સંગમ જીવનનગર ગરબીઃ અંજલીબેન રૂપાણી

**સમાજ સેવાનું પ્રતિક જીવનનગર વિકાસ સમિતિઃ ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહ**

**જીવનનગર સમિતિ રહીશો માટે અવિરત કામ કરે છેઃ પૂર્વ દંડક મનિષભાઈ રાડીયા**

**બાળાઓના કૌશલ્યને બિરદાવાનું કામ ગરબીમાં થાય છેઃ જયંત પંડ્યા**



**સિટી ન્યૂઝ@રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવ ધામ સમિતિ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગર પ્રાચીન ગરબીમાં ભા.જ.પ.ના હોદ્દેદારો-આગેવાનોએ હાજરી આપી સેવા, સંસ્કાર અને સ્નેહનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. સમિતિ અવિરત કામ કરતું હોય સર્વેને હાજરી આપવાનું મન થાય છે. ૪૫ વર્ષથી પ્રાચીન ગરબીનો હાર્દ જાળવી રાખવો ગૌરવની વાત છે.પ્રાચીન ગરબીમાં દિપ પ્રાગટ્ય, પૂજન-અર્ચન, લ્હાણીમાં ભાગીદાર થવામાં પ્રદેશ ભા.જ.પ. ના મહિલા મોરચાના અંજલિબેન રૂપાણી, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, મહાનગરના પૂર્વ દંડક મનિષભાઈ રાડીયા, ઋષભભાઈ રૂપાણી, શહેર ભા.જ.પ. ના મેહુલભાઈ નથવાણી, શ્યામભાઈ ડાભી, નગરસેવકો જ્યોત્સનાબેન ટીલાળા, નીતાબેન લાલ, અશ્વિનભાઈ ભોરણીયા, ઘનશ્યામભાઈ હેરભા, વોર્ડ નં. ૧૦ ના પ્રભારી ધ્યેય દોશી, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, મહામંત્રી મનિષભાઈ દેડકીયા, અનિરૂદ્ધભાઈ મિયાત્રા, દર્શિત જોષી, કમલેશભાઈ લાલ, શ્યામભાઈ કટ્ટા, અશોકભાઈ જેઠવા, ભાવેશભાઈ બુંદેલા, વિનોદરાય ભટ્ટ, અશ્વિનભાઈ વિઠ્ઠલાણી, મુકેશભાઈ ખંધેડીયા, પાર્થ ગોહેલએ બાળાઓનું સન્માન કરી કલા-સંસ્કૃતિની પ્રશંસા કરી હતી.પ્રદેશ ભા.જ.પ. ને અંજલિબેન રૂપાણીએ જણાવ્યું કે અમારો પરિવાર છેલ્લા ૪૦ વર્ષથી જીવનનગર ગરબીમાં હાજરી આપે છે. જયંત પંડયાના નેતૃત્વનો લાભ રહીશોને મળે છે. પ્રાચીન ગરબી પરિવાર સાથે નિહાળવી લ્હાવો છે. બાળાઓને લ્હાણી આપી હતી. ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ જીવનનગર સમિતિની ભારોભાર પ્રશંસા કરતા જણાવ્યું કે સમયબદ્ધ કામ કરવાના કારણે સૌ કોઈને હાજરી આપવાનું મન થાય છે, તે માટે મહિલા મંડળને અભિનંદન પાઠવ્યા હતા. મહાનગરપાલિકાના પૂર્વ દંડક મનિષભાઈ રાડીયાએ લ્હાણી વિતરણ કરતા જણાવ્યું કે હું વર્ષોથી સમિતિ કામ કરી રહી છે તેને સાક્ષી છું, રહીશો માટે સતત કામ કરવું, સકારાત્મક કામગીરીની પ્રશંસા કરી હતી. જયંત પંડયાની કાર્ય પદ્ધતિને બિરદાવી હતી.

મહિલા મંડળના લીડર સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડિયા, આશાબેન મજેઠીયા, હર્ષાબેન પંડયા, યોગિતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, નેહાબેન મહેતા, કીર્તિબેન કગથરા, ભક્તિબેન ખખ્ખર, ગીતાબેન મહેતા, જયોતિબેન પુજારા, વર્ષાબેન ભટ્ટ, હિમાબેન ભટ્ટ, ક્રિશ્નાબા ચૌહાણ સહિત બાળાઓના વાલી તેમજ સમિતિના મુકેશભાઈ પોપટ, વિનુભાઈ ભટ્ટ, હસુભાઈ મોડેસરા, પાર્થ ગોહેલ તથા જયેશ લશ્કરી સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# 19 વર્ષની પરંપરા જાળવી રાખી જે માંડી ગ્રુપ 5100 બાળાઓને લાણી આપશે





## રાજકોટમાં 18 ઓક્ટોબરે વોર્ડ 11, 12 અને 13નાં વિવિધ ગરબી મંડળોની બાળાઓ માટે ભોજન સમારભંનું આયોજન: બ્રહ્મચારી હરિ ચેતનાનંદ સ્વામી સહિતના મહાનુભાવો આપશે આશીર્વાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જે માંડી ગ્રુપ દ્વારા વોર્ડ ૧૧- ૧૨- ૧૩ ની વિવિધ ગરબી મંડળની બાળાઓ માટે આગમી ૧૮-૧૦-૨૦૨૬ ને રવિવારના રોજ સ્વામિનારાયણ ચોક નવલનગર ૩/૧૭ ના કોર્નર ઉપર ભોજન સભારભનું આયોજન કરાયું છે. જે માંડી ગ્રુપ દ્વારા ૧૯ વર્ષથી વિવિધ ગરબી મંડળની બાળાઓને જમાડવામાં આવે છે અને લાણી વિતરણ કરાય છે ત્યારે આગમી ૧૮-૧૦- ૨૦૨૬ ને રવિવારના રોજ વોર્ડ ૧૧-૧૨-૧૩ ની વિવિધ ગરબી મંડળની બાળાઓને સ્વામિનારાયણ ચોક નવલનગર ૩/૧૭ ના કોર્નર ખાતે જમાડવામાં આવશે. આ ધાર્મિક અવસરે અતિથિ વિશેષ તરીકે પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુરના શિષ્ય બ્રહ્મચારી હરિ ચેતનાનંદ સ્વામી (ભોપાલ) અને હિતુભા ખાસ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે.નિમંત્રક ગુજરાત રાજ્ય આહીર સમાજ અગ્રણી નાથભાઈ જુગાભાઈ બોરિચા, જે માંડી હોટલના સંચાલક મેહુલ બોરિચા, વોર્ડ ૧૧ ના પૂર્વ મહામંત્રી સંજય બોરિચા, યુવા ભાજપ મંત્રી જય બોરિચા, આહીર સેના ઉપપ્રમુખ વિજયભાઈ બોરીચા (ખંડેખા), સંજયભાઈ ખંડેખા, વકીલ વિનય બોરિચા, જે માંડી હોટલ મયુર બોરિચા, અગ્રણી ઉદ્યોગપતિ સ્મિત બોરિચા, પારસ બોરીચા,અજય જેઠા, ઋતુરાજસિંહ જાડેજા, મયુર માલા, પારસ ખંડેખા જહેમત ઉઠાવી રહ્યા છે.

## ઓક્ટોબરમાં 2 મોટા ઈવેન્ટ્સ

# એપલનું ટચસ્ક્રીન મેકબુક અને OLED આઈપેડ મિની લોન્ચ થશે



**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન**

એપલ આ મહિને બે મોટા ઈવેન્ટ્સની તૈયારીમાં છે. મીડિયા અહેવાલો અનુસાર, કંપની ઑક્ટોબરના અંતમાં એક ખાસ ઈવેન્ટ યોજી શકે છે, જેમાં એપલનું પ્રથમ ટચસ્ક્રીન મેકબુક અને નવું આઈપેડ મિની રજૂ થઈ શકે છે.

આ ઉપરાંત, ૧૩ ઑક્ટોબરે યોજાનારા ઈવેન્ટમાં એપલના નવા સ્માર્ટ હોમ પ્રોડક્ટ્સ રજૂ થઈ શકે છે. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર, ઑક્ટોબરના અંતમાં (સંભવિત રીતે ૨૭ ઑક્ટોબરે) યોજાનારા ઈવેન્ટમાં M૬ ચિપસેટવાળા નવા મેકબુક અને આઈમેક મોડલ્સ પણ રજૂ કરવામાં આવશે.

આ ઈવેન્ટ ઑનલાઈન વીડિયો પ્રેઝન્ટેશન ઉપરાંત વ્યક્તિગત પ્રેસ સેશન તરીકે પણ યોજાશે. કંપનીનું મુખ્ય ધ્યાન વીડિયો પ્રોડક્શન, ફોટો એડિટિંગ અને મ્યુઝિક પ્રોડક્શન સાથે સંકળાયેલા ક્રિએટિવ પ્રોફેશનલ્સ પર રહેશે.

અહેવાલ અનુસાર, ઈવેન્ટમાં એપલ પોતાનું ટચસ્ક્રીન મેકબુક પ્રો લોન્ચ કરી શકે છે. કોડનેમઃ નવા મોડલ્સના કોડનેમ K૧૧૪ અને K૧૧૬ હોવાનું જણાવાઈ રહ્યું છે. ડિસ્પ્લે અને ડિઝાઈનઃ OLED ડિસ્પ્લે મળશે અને તે હાલના મેકબુક મોડલ્સની તુલનામાં ઘણાં હળવા હશે.

ડાયનેમિક આઈલેન્ડઃ આઈફોનમાં જોવા મળતું ડાયનેમિક આઈલેન્ડ ઈન્ટરફેસ હવે પહેલી વાર આ મેકબુક્સમાં પણ જોવા મળી શકે છે.

ટચસ્ક્રીન મેકબુક ઉપરાંત, એપલ પોતાના રેગ્યુલર મેકબુક પ્રો (કોડનેમ J૮૦૪) અને આઈમેક (કોડનેમ J૮૩૩)ને પણ અપડેટ કરવાની તૈયારીમાં છે. આ મોડલ્સ હાલની ડિઝાઈન જાળવી રાખીને નવા M૬ ચિપસેટ પર સ્વિચ થશે.

નવું આઈપેડ મિનીઃ OLED સ્ક્રીન અને લેન્ડસ્કેપ કેમેરા સાથે નવું આઈપેડ મિની (કોડનેમ J૫૧૦) મોટા અપગ્રેડ સાથે આવી શકે છે.

OLED ડિસ્પ્લેઃ આમાં પહેલી વાર OLED પેનલનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

કેમેરા અને સ્પીકરઃ વિડિયો કૉલિંગને વધુ સારું બનાવવા માટે ફ્રન્ટ કેમેરાને લેન્ડસ્કેપ પોઝિશનમાં શિફ્ટ કરવામાં આવશે અને સ્પીકર સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવશે.

મૅક અને આઈપેડના લોન્ચ પહેલાં એપલ ૧૩ ઑક્ટોબરે પોતાનું સ્માર્ટ હોમ ઈવેન્ટ હોસ્ટ કરશે. આ ઈવેન્ટમાં ડિસ્પ્લે ધરાવતું એપલનું પહેલું સ્માર્ટ હોમ હબ, નવું હોમપોડ મિની અને અપડેટેડ એપલ ટીવી રજૂ કરવામાં આવી શકે છે.

સિરીની ભૂમિકાઃ આ તમામ સ્માર્ટ ડિવાઈસને કંટ્રોલ કરવામાં સિરીની મુખ્ય ભૂમિકા રહેશે. ગયા મહિને જ જૉન ટર્નસે એપલના નવા CEO તરીકે કમાન સંભાળી છે. તેમના નેતૃત્વ હેઠળ કંપનીનો આ પહેલો મોટો પ્રોડક્ટ લોન્ચ તબક્કો હશે. રિપોર્ટ અનુસાર, કંપની આવતા વર્ષની પહેલી છમાસિક માટે પણ અનેક નવા મૅક અને આઈપેડ પર કામ કરી રહી છે. ડાયનેમિક આઈલેન્ડ એપલની એક ખાસ સોફ્ટવેર ટેક્નોલોજી છે, જે સ્ક્રીનના ઉપરના ભાગને (નોચ/કટઆઉટ) નોટિફિકેશન, લાઈવ એક્ટિવિટીઝ (જેમ કે મ્યુઝિક, ટાઈમર, કૉલ્સ) અને અલર્ટ્સ બતાવતા એક ઈન્ટરેક્ટિવ વિજેટમાં બદલી દે છે. આઈફોન પછી પહેલીવાર તેને મૅકબુક લાઈનઅપમાં આપવામાં આવવાની ચર્ચા છે.



# આજથી એપલના પહેલા ફોલ્ડેબલ ફોનનું બુકિંગ શરૂ

## 7.6-ઈંચનું ઈનર ડિસ્પ્લે અને A20 પ્રો ચિપસેટ, શરૂઆતી કિંમત 3 લાખ; કાર્ડ્સ પર 7,000નું ડિસ્કાઉન્ટ

**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન**

એપલના પ્રથમ ફોલ્ડેબલ ફોન આઈફોન ડ્યુઓનું ભારતમાં બુકિંગ આજે સાંજે ૫:૩૦ વાગ્યાથી શરૂ થશે. ભારતમાં ફોનનું બુકિંગ એપલના સત્તાવાર ઑનલાઈન સ્ટોર, એપલ રિટેલ સ્ટોર્સ અને અધિકૃત રિટેલર્સ દ્વારા કરી શકાશે. તેની ડિલિવરી અને સ્ટોર્સમાં વેચાણ ૨૩ ઑક્ટોબર ૨૦૨૬થી શરૂ થશે. આઈફોન ડ્યુઓ એપલનો અત્યાર સુધીનો સૌથી મોંઘો આઈફોન છે. તેની શરૂઆતની કિંમત આશરે ૨.૯૯ લાખ રૂપિયા છે, જ્યારે ટૉપ મૉડલની કિંમત ૪.૫૦ લાખ રૂપિયા સુધી જાય છે. પસંદગીના બેંક કાર્ડ્સ પર ૧૨ મહિના સુધીની નો-કૉસ્ટ EMIની ઑફર છે. સાથે જ કેટલાક ક્રેડિટ કાર્ડ્સ પર ૭,૦૦૦ સુધીનું કૅશબૅક મળશે. આઈફોન ડ્યુઓમાં ૫.૪-ઈંચનું કવર ડિસ્પ્લે અને અંદર ૭.૬-ઈંચની મુખ્ય સ્ક્રીન છે, જે અત્યાર સુધીના કોઈપણ આઈફોનનું સૌથી મોટું ડિસ્પ્લે છે. તેમાં ફિઝિકલ સિમ કાર્ડ લગાવી શકાશે નહીં, એટલે કે તે માત્ર ઈ-સિમ પર જ ચાલશે.




- ■ સ્ક્રીન જોઈને કામ કરવુંઃ સ્ક્રીન પર શું દેખાઈ રહ્યું છે તે સમજીને સિરી સીધું એ જ કાર્ય પૂર્ણ કરી દે છે.
- ■ વ્યક્તિગત ડેટામાંથી સચોટ જવાબઃ ઈમેઈલ, મેસેજ અથવા કૅલેન્ડરમાંથી માહિતી મેળવીને તમારી ફ્લાઈટ, મીટિંગ અથવા પ્લાન જણાવી દે છે.
- ■ એપ્સની અંદર કામઃ માત્ર એપ ખોલતી જ નથી, પરંતુ ફોટો એડિટ કરીને કોઈને મોકલવા જેવું અંદરનું કામ પણ કરી દે છે.
- ■ માણસોની જેમ વાતચીતઃ અટકીઅટકીને બોલવા અથવા અધૂરું વાક્ય બોલવા છતાં પણ વાત સરળતાથી સમજી લે છે.
- ■ બોલ્યા વગર ટાઈપિંગઃ સ્ક્રીનની નીચે ડબલ ટૅપ કરીને હવે સિરીને લખીને પણ કમાન્ડ આપી શકો છો.
- ■ ચેટજીપીટી સપોર્ટઃ મુશ્કેલ સવાલોના જવાબો, ટેક્સ્ટ અથવા રેસિપી માટે સીધી 'ચેટજીપીટી'ની મદદ લઈ શકે છે.

# કારખાનેદારના ગેરકાયદે વાયરિંગથી વીજકર્મીનું મોત

**રામપરા એજી ફીડરમાં કામ દરમિયાન અચાનક પાવર આવતાં લાલસિંગભાઈ પલાસનું મોત, આરોપીની ધરપકડની તજવીજ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણીના રામોદમાં કારખાનેદારે જ્યોતિગ્રામ ફીડરનો વિજ પાવર ગેરકાયદે ખેતીવાડી ફીડરમાં જોડી દેતા ડીઓ રીપેર કરતા કર્મચારીનું વિજશોક લાગતા મોત થયું હતું સમગ્ર મામલે પીજીવીસીએલનાં નાયબ ઈજનેરની ફરિયાદ પરથી કોટડાસાંગાણી પોલીસે કારખાનેદાર સામે સાપરાધ મનુષ્યવધની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે કોટડાસાંગાણી પીજીવીસીએલ કચેરીનાં નાયબ ઈજનેર દિપકકુમાર ધ્રાંગાએ ન્યાલ કરણ ઈન્ડસ્ટ્રીઝનાં માલિક રામોદમાં રહેતા ગોરધન ગોવિંદભાઈ રામાણી સામે નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧ના કોટડા સાંગાણીના રામપરા એજી ફીડરના ગ્રાહક મંજુલાબેન ધનજીભાઈ પોકર જેઓ ખેતીવાડી વિજ કનેકશન ધરાવતા હોય ટ્રાન્સફોર્મર બળી જવાના કારણે ટ્રાન્સફોર્મર રીપ્લેસમેન્ટ કામગીરીનો વર્ક ઓર્ડર ધરાવતી પેઢી "માં મેલડી" ના માલિક મગનભાઈ રાઠોડ તેમના કર્મચારીઓ દ્વારા ટ્રાન્સફોર્મર રીપ્લેસમેન્ટ માટે ૬૬ કેવી રામોદ સબ સ્ટેશનમાંથી લાઇન કિલીયર બંધ કરવામા આવેલ હતી બાદ ટ્રાન્સફોર્મર રિપ્લેસમેન્ટની કામગીરી લાલસિંગભાઈ પલાસ તથા પ્રકાશભાઈ રાઠોડ દ્વારા કરવામા આવતી હતી. જે ટ્રાન્સફોર્મર રીપ્લેસમેન્ટ થયા બાદ ડીઓ બાંધવાની કામગીરી કરી રહ્યા હતા. ત્યારે બનાવ સ્થળ રામપરા એજી ખેતીવાડી ફીડરમાં અચાનક પાવર આવી જતાં લાલસિંગભાઈ સબુરભાઈ પલાસને જમણા હાથમા વિજ શોક લાગતા તેઓ નિચે પટકાતા ઈજાગ્રસ્ત થયાં હતા. જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે કોટડાસાંગાણી સરકારી હોસ્પીટલ ખાતે લઈ જવાયા હતા. જયા ફરજ પરના તબીબે લાલસીંગભાઈ સબૂરભાઈ પલાસને મૃત જાહેર કરી દીધા હતા. બાદમાં પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી કોટડા સાંગાણીનાં નાયબ ઈજનેર તથા કર્મચારીઓ ખેતીવાડી ફીડરની વિજ લાઇનમાં પાવર કઈ રીતે અને કઈ જગ્યાએથી આવેલ હોય તે બાબતે તપાસ કરતાં સબસ્ટેશનમાંથી નીકળતા તમામ એગ્રીકલ્ચર ફીડર લોડ સેડિંગને કારણે બંધ હતાં જેથી વધુ તપાસ કરવા તેમજ પાવર રીટર્ન બાબત આજુ-બાજુમાં આવેલ કનેકશન કે જેનો વિજપુરવઠો રામોદ જ્યોતિગ્રામ ફીડરમાંથી આવતો હોય તેવા સ્થળે વેરીફીકેશન કરવામાં આવતા જાણવા મળેલ કે, ૧૧ કેવી રામોદ જ્યોતિગ્રામ ફીડરનો પુરવઠો ચાલુ થયો ત્યાર બાદ અંદાજે ૨૦ મિનિટ બાદ પ્રાણઘાતક બનાવ બનવા પામેલ હતો. જેથી જ્યોતીગ્રામ ફીડર ઉપરથી પાવર મેળવતા ગ્રાહકોની તપાસ કરતા રામોદ રોડ પર આવેલ ન્યાલકરણ ઈન્ડસ્ટ્રીઝના કેમ્પસમા ગંભીર બેદરકારી અને ગેરકાયદેસર વાયરીંગ કે જેનાથી જ્યોતીગ્રામ ફીડરનો પાવર સીધો જ ખેતીવાડી ફીડરમાં જઈ શકે તેવી વ્યવસ્થા જોવામાં આવેલ હતી.

ગ્રાહકે તેનાં ઈન્ડસ્ટ્રીયલ કનેકશનમાંથી કાળા કલરના ૩ કોર વાયર ચેન્જ ઓવર સ્વીચ સાથે જોડી અને બિજો છેડો સીધો જ તેમના પોતાના જ ખેતીવાડી કનેકશન ન્યાલકરણ ઈન્ડસ્ટ્રીઝ અને ખેતીવાડી કનેકશનના માલિક હોય તેમના દ્વારા ન્યાલકરણ ઈન્ડસ્ટ્રીઝમાંથી પાવર લઈ તેમના ખેતીવાડી કનેકશન રામપરા એજી ફીડરમાં જઈ શકે અને જે અત્યંત જોખમી અને જાનમાલને નુકશાનકારક હોય અને સ્થળ પર ખેતીવાડી કનેકશન ફ્યુજ પણ કાઢેલ ન હોય અને વાયરના છેડા કાપેલ હોય જેથી ગોરધનભાઈ ગોવિંદભાઈ રામાણીએ જ્યોતીગ્રામ ફીડરનો પાવર ખેતીવાડી ફીડરમા જોડી શકાય તેવી બિનઅધિકૃત રીતે વિજ જોડાણ કરી પાવરની આપ-લે કરી પાવર વાપરવાની સગવડતાં મેળવી વીજપાવર અન્ય વીજ ફીડરમાં જશે તો કોઈ માણસનું મૃત્યુ પણ થશે તેવું પોતે જાણવા છતા ગેરકાયદેશર વિજપાવર મેળવી પોતાના ખેતીવાડી વીજ કનેશકન સાથે બિનઅધિકૃત રીતે જોડાણ કરતા લાલસીંગભાઈ પલાસને વિજશોક લાગતા મોત થયું હતું. ઝેરહી ન્યાલકરણ ઈન્ડસ્ટ્રીઝના માલિક ગોરધનભાઈ ગોવિંદભાઈ રામાણી સામે સાપરાધ મનુષ્ય વધની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

**ફેસબુકની જાહેરાત જોઈ રૂ.3 લાખની લોન માટે અરજી કરી, GST, વીમા અને લેટ ફીના નામે નાણાં પડાવ્યાં**

# લોનના નામે ખેડૂત સાથે 75,870ની છેતરપિંડી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિંછીયાના સનાળી ગામે રહેતાં દશરથસિંહ નાનુભા ડોડીયા ઉ.૪૬એ મોં.નં.૮૧૩૦૬૫૨૩૫૫ના ઉપયોગ કરતા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ખેતીકામ કરે છે. ગઈ તા.૭ના તે ઘરે મોબાઈલમાં ફેસબુકમાં રીલ્સ જોતો હતો ત્યારે ગુજરાત જોબ્સ નામના યુઝરનેમવાળી આઈ.ડી.માં ધનલક્ષ્મી લોન ફાઈનાન્સ, હવે લોન મેળવવી બની વધુ સરળ અને ઝડપી, શું તમને પર્સનલ, બિઝનેસ અથવા અન્ય જરૂરીયાત માટે લોન જોઈએ છે ? તો આજે જ અમારી સંપર્ક કરો. લોન રકમ ૩૦ હજારથી ૯૯ હજાર સુધી મંજુરીની મોટી શક્યતા, વ્યાજ દર માત્ર ૬.૯૯ %ના આકર્ષક દરથી લોન મળશે, સીબીલ સ્કોર, તમારા ક્રેડિટ સ્કોર ઓછો હશે તો પણ ચિંતા કરવી નહીં. સરળ પ્રોસેસ - હવે માત્ર આધાર કાર્ડ પર લોન મળશે. અમારો સંપર્ક કરો મો.નં. ૮૧૩૦૬ ૫૨૩૫૫ વોટસઅપ પર મેસેજ કરો. ઓલ ઓવર ગુજરાત લોન અવેલેબલ, વિશ્વાસ અમારી સેવા, સંતોષ તમારી સફળતા જેવી રિલ્સ આવેલ હોય અને તેઓને હાલ પૈસાની જરૂરીયાત હોય જેથી મે ઉપર જણાવેલ વોટસઅપમાં મેસેજ કરેલ તો સાથેથી મેસેજ આવેલ કે કામ હોય તો ફોન કરો જેથી તે મોબાઈલ નંબરમાં ફોન કરી મારે લોન જોઈએ છે વાત કરતાં તે શખ્સે હિન્દી ભાષા બોલતો હોય તેણે આધારકાર્ડ, પાનકાર્ડ તથા ફોટો મોકલવાનું કહેતા ડોક્યુમેન્ટ તે નંબરમાં વોટસઅપ કરેલ હતા.

જેથી તે હીન્દી ભાષીનો ફોન આવેલ કે, તમારે કેટલા રૂપીયાની લોનની જરૂરીયાત છે. જેથી ત્રણ લાખ રૂપીયાની લોનની જરૂરયાત હોવાનું કહેતા થોડીવારમાં સામેથી ફોન આવેલ તેને કહેલ કે, તમારી ત્રણ લાખ રૂપીયાની લોન મંજુર થઈ ગયેલ છે આ લોન મંજુર કરવાના પ્રોસેસ ફી ૨,૧૬૦ થાય છે. જે તમને વોટસઅપમાં સ્કેનર મોકલાવુ છું. તેમાં તમારે ફી ચુકવવાની રહેશે જેથી ૨,૧૬૦ સ્કેનરમાં મોકલી દીધા હતા જે બાદ સામેથી ફોન કરેલ કે, હવે સાંજ પડી ગયેલ છે, તમારા ખાતામાં આવતીકાલે પૈસા જમા થઈ જશે. બીજા દીવસે હીન્દીભાષીનો ફોન આવેલ કે તમે જે ખાતા નંબર આપેલ છે. તેમાં પૈસા જમા થતા નથી. જેથી તમારે જી.એસ.ટી. ૯૨૫૦ ભરવુ પડશે. જેથી સ્કેનરમાં ૯,૨૬૦ જમા કરાવેલ તો તેણે મને ૯૨૫૦ જ જમા કરવાના હતા. તમારે હવે ફરીવાર ૯૨૫૦ જમા કરવા પડશે તેમ કહેતા જેથી ફરીવાર ૯૨૫૦ તેના સ્કેનરમાં જમા કરાવ્યા હતા ત્યાર બાદ તા.૯ના ફરી ફોન આવેલ કે, તમારા ખાતામાં ૩.૧૮ લાખ જમા કરવાના હતા તેના બદલામાં ભુલથી ૩.૩૭ લાખ જમા થઈ ગયેલ છે જેની સ્લીપ મોકલાવી ૨૦ હજાર પરત ખાતામાં જમા કરવાનું કહેતા તેના સ્કેનરમાં ૨૦ હજાર જમા કરેલ હતા જે બાદ ફોન કરેલ કે મારા લોનના પૈસા હજુ આવેલ નથી. જેથી તેને કહેલ કે, હાલ નેટ ધીમું ચાલે છે જેથી આવતીકાલે તમારા ખાતામાં લોનના પૈસા જમા થઈ જશે. બીજા દીવસે તા.૧૦ના ફોન આવેલ કે, તમારી લોન ઉપર વીમો ૭૦ હજાર રૂપીયા ભરવા પડશે. તેને મારી પાસે પૈસા નથી તેમ વાત કરતા તેને કહેલ કે, તમારી પાસે જે રૂપીયા હોય તેટલા જમા કરો બીજા પૈસા હું જમા કરાવીશ, તેમ કહી પ્રથમ ૧૨,૫૦૦ ત્યાર બાદ ૧૨,૭૦૦ અને ૧૦,૦૦૦ એમ અલગ અલગ રકમ ફોન પેથી જમા કરાવેલ હતી તેમ છતા ખાતામાં લોનના પૈસા જમા થયેલ નહીં જેથી ફરી તેને વાત કરતા તેણે કહેલ કે તમારે ૧૧ હજાર લેટ ફી ભરવી પડશે. જેથી તેને લોન કરાવવી નથી તેમ વાત કરતા તેને હવે તમારી લોન કલોઝ કરવા માટે ૭૨ કલાકનો સમય લાગશે. ત્યાર બાદ તમારા પૈસા તમારા ખાતામાં જમા થઈ જાશે. તેમ છતા અવાર નવાર ફોન કરતા પૈસા પરત આપેલ ન હોય જેથી ૭૫,૮૭૦નું સાયબર ફ્રોડ થયાનું સામે આવતાં સાયબર હેલ્પ લાઈનમાં અરજી કરી બાદમાં ફરિયાદ નોંધાવી હતી.

# રૂ.1.67 કરોડના ચેક રિટર્ન કેસમાં 20% રકમ જમા કરાવવાનો હુકમ

## પુણેની અર્નવ એન્જિનિયર્સનાં માલિક વૈશાલી સીંદેની અરજી સેશન્સ કોર્ટમાં નામંજૂર, 60 દિવસમાં રૂ. 33.40 લાખ જમા કરાવવા આદેશ



### અદાલતને રેકર્ડથી વિરુધ્ધની ગેરમાર્ગે દોરનાર રજુઆત કરનારની અરજી ખર્ચ સાથે રદ કરવી જોઈએ : એડવોકેટ સુરેશ ફળદુ

સિટી ન્યૂઝ@રાજકોટ

રૂ. ૧,૬૭,૦૦,૦૦૦ના ચેક રિટર્નના ૧૧ કેસમાં દોષિત ઠરેલી પુણેની અર્નવ એન્જિનિયર્સનાં માલિક વૈશાલી વિનોદ સીંદેને અપીલ દરમિયાન ચેકની રકમના ૨૦ ટકા નાણાં જમા કરાવવાના હુકમમાંથી મુક્તિ આપવાની અરજી રાજકોટની સેશન્સ અદાલતે નામંજૂર કરી છે. અદાલતે આરોપીને ૬૦ દિવસમાં રૂ. ૩૩,૪૦,૦૦૦ જમા કરાવવા હુકમ કર્યો છે. આ કેસમાં દરેક કેસમાં દોઢ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ફરિયાદી પક્ષે રજૂ કરેલી દલીલો ગ્રાહ્ય રાખીને સેશન્સ અદાલતે આ નિર્ણય આપ્યો છે.

રાજકોટની રવી મેટલ ટ્રીટમેન્ટ પેઢીના માલિક રમેશભાઈ રાચ્છ વતી એડવોકેટ સુરેશ ફળદુ સહિતની ટીમે રજૂઆત કરી હતી કે, અગાઉ ત્રણ કેસની રકમ ચૂકવીને કેસો પાછા ખેંચાયા હોય તો તે રકમને બાકીના કેસોમાં ૨૦ ટકા ડિપોઝિટ તરીકે ગણાવી શકાય નહીં. ફરિયાદી પક્ષે આ રજૂઆતને રેકર્ડથી વિરુદ્ધ અને અદાલતને ગેરમાર્ગે દોરનારી ગણાવી હતી.કેસની હકીકત મુજબ, રાજકોટના આજી વસાહતમાં રવી મેટલ ટ્રીટમેન્ટના નામે પેઢી ચલાવતા રમેશભાઈ રાચ્છ અને પુણેની અર્નવ એન્જિનિયર્સનાં પ્રોપરાઈટર વૈશાલી વિનોદ સીંદે વચ્ચે માલની ખરીદીના વ્યવહારથી સંબંધો સ્થાપિત થયા હતા. આ દરમિયાન ફરિયાદી પેઢીને રૂ. ૨ કરોડની જરૂરિયાત ઊભી થતાં આરોપી પેઢીને નાણાં આપવામાં આવ્યા હતા. ફરિયાદ મુજબ, તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ રૂ. ૬૦ લાખ, તા. ૩ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ રૂ. ૯૦ લાખ અને તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ રૂ. ૫૦ લાખ એમ કુલ રૂ. ૨ કરોડ આર.ટી.જી.એસ. મારફતે બેંકથી બેંક ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.આ રકમમાંથી રૂ. ૩ લાખ પરત ચૂકવાયા બાદ બાકી રૂ. ૧.૯૭ કરોડની રકમ માટે પ્રોમિસરી નોટ અને કરાર કરવામાં આવ્યા હતા. બાકીની રકમ પરત કરવા કુલ ૧૪ ચેક ઇશ્યૂ કરવામાં આવ્યા હતા. જોકે, ફરિયાદ મુજબ આ ચેક બેંકમાં જમા કરાવતાં રિટર્ન થયા હતા. ત્યારબાદ ડિમાન્ડ નોટિસ પાઠવવા છતાં રકમ પરત ન મળતાં રાજકોટની કોર્ટમાં કુલ ૧૪ કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

આ કેસોની સુનાવણી દરમિયાન વિવિધ કાનૂની તકરારો ઊભી થઈ હતી અને કુલ ૨૮ રિવિઝન અરજીઓ સેશન્સ અદાલતમાં દાખલ કરવામાં આવી હતી. દરમિયાન ત્રણ કેસમાં કુલ રૂ. ૩૦ લાખની ચુકવણી થતાં તે કેસો પાછા ખેંચવામાં આવ્યા હતા. બાકીના ૧૧ કેસમાં રૂ. ૧.૬૭ કરોડની રકમ પરત ન ચૂકવાતાં ટ્રાયલ ચાલી હતી.

ટ્રાયલ પૂર્ણ થયા બાદ રાજકોટની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતે તમામ ૧૧ કેસમાં વૈશાલી સીંદેને દોષિત ઠરાવી દરેક કેસમાં દોઢ વર્ષની સજા ફટકારી હતી. આમ, તમામ કેસની સજા ભેગી ગણતાં કુલ સાડા સોળ વર્ષની સજા થાય છે. આ ઉપરાંત ફરિયાદીને રૂ. ૧.૬૭ કરોડની રકમ એક મહિનામાં ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ચુકવણી કરવામાં નિષ્ફળ રહેવા પર દરેક કેસમાં વધારાની છ મહિનાની સજાની જોગવાઈ પણ કરવામાં આવી હતી.

આ ચુકાદાઓને સેશન્સ અદાલતમાં અપીલ મારફતે પડકારવામાં આવ્યા હતા. અપીલ દરમિયાન જામીન પર મુક્તિ આપતી વખતે ચેકની રકમના ૨૦ ટકા નાણાં જમા કરાવવાનો હુકમ ન કરવામાં આવે તેવી અરજી આરોપી પક્ષે રજૂ કરી હતી.અરજીની સુનાવણી દરમિયાન આરોપી પક્ષે દલીલ કરી હતી કે, ફરિયાદીને ૨૦ ટકાથી વધુ રકમ ચૂકવાઈ ચૂકી છે, ટ્રાયલ કોર્ટનો ચુકાદો ખોટો છે અને અપીલ મંજૂર થવાની શક્યતાઓ છે. આરોપી મહિલા હોવાની બાબત પણ રજૂ કરીને ૨૦ ટકા રકમ જમા કરાવવાના હુકમમાંથી મુક્તિ આપવા માંગણી કરવામાં આવી હતી.

તેની સામે ફરિયાદી પક્ષના એડવોકેટ સુરેશ ફળદુએ દલીલ કરી હતી કે, અગાઉના ત્રણ કેસમાં ચૂકવાયેલી રૂ. ૩૦ લાખની રકમને બાકીના ૧૧ કેસમાં ડિપોઝિટ તરીકે ગણી શકાય નહીં. ટ્રાયલ કોર્ટના ચુકાદામાં કોઈ રકમ ડિપોઝિટ તરીકે જમા કરાવાઈ હોવાનું જણાતું નથી. આરોપીના પતિએ પણ ઊલટતપાસ દરમિયાન ચેકની રકમમાંથી કોઈ ચુકવણી કરી ન હોવાનું સ્વીકાર્યું હોવાની રજૂઆત કરવામાં આવી હતી. ફરિયાદી પક્ષે અરજી ખર્ચ સાથે નામંજૂર કરવાની માંગણી કરી હતી.

બંને પક્ષોની દલીલો અને રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લેતાં સેશન્સ અદાલતે આરોપી પક્ષની રજૂઆતો સ્વીકારવા યોગ્ય ન હોવાનું માન્યું હતું. અગાઉ પાછા ખેંચાયેલા કેસોમાં થયેલી ચુકવણીને બાકીના કેસોમાં ડિપોઝિટ તરીકે ગણાવી શકાય નહીં, તે સહિતના મુદ્દાઓ ધ્યાનમાં લઈને અદાલતે ૨૦ ટકા રકમ જમા કરાવવાના હુકમમાંથી મુક્તિ આપવાની અરજી નામંજૂર કરી હતી. સાથે જ રૂ. ૧.૬૭ કરોડની કુલ ચેક રકમના ૨૦ ટકા એટલે કે રૂ. ૩૩.૪૦ લાખ ૬૦ દિવસમાં જમા કરાવવાનો આદેશ કર્યો હતો.આ કેસમાં ફરિયાદી રવી મેટલ ટ્રીટમેન્ટના માલિક રમેશભાઈ રાચ્છ વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટિયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરિયા, ભાવિન ખૂંટ, સાહિલ કંટારિયા અને નીરવ ડોંગા રોકાયા હતા. જ્યારે આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ, રાજદીપ વેકરિયા અને પૃથ્વી ગોસાઈએ મદદ કરી હતી.

# શિવાલય શેલ્ટર હોમના ઉપપ્રમુખ રાજદીપ પરમારનો આજે જન્મદિવસ



સિટી ન્યૂઝ@વાંકાનેર

વાંકાનેરના શિવાલય શેલ્ટર હોમના ઉપપ્રમુખ રાજદીપ પરમારનો આજે જન્મદિવસ છે. અનાથ, નિરાધાર અને શારીરિક ક્ષતિગ્રસ્ત લોકોની સેવા માટે કાર્યરત સંસ્થાની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. આશ્રમમાં રહેતા જરૂરિયાતમંદોની સંભાળ, ભોજન, આરોગ્યલક્ષી સહાય અને દૈનિક જરૂરિયાતોની વ્યવસ્થામાં તેઓ સતત યોગદાન આપે છે. તેમના જન્મદિવસ નિમિત્તે મિત્રો, સ્નેહીજનો, સામાજિક અને રાજકીય અગ્રણીઓ સહિત શુભેચ્છકો તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે.

# રવાપર રોડે સરદાર પટેલ સોસા.માં જુગારધામ ઉપર પોલીસના દરોડા

## મકાન માલિક નાલ ઉઘરાવી જુગાર રમાડતોઃ 7.85 લાખની રોકડ સાથે 7 ઝડપાયા

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી સિટી એ ડિવિઝન પોલીસની ટીમે બાતમીના આધારે શહેરના રવાપર રોડ પર આવેલી સરદાર પટેલ સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં ધમધમતા જુગારધામ પર સફળ રેડ કરી હતી. પોલીસે મકાનમાં નાલ ઉઘરાવીને જુગાર રમાડતા મકાન માલિક સહિત સાત જુગારીઓને રંગેહાથ ઝડપી લઈને કુલ રૂ. ૭,૮૫,૦૦૦ ની રોકડ રકમ કબ્જે કરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, રવાપર રોડ પર આવેલી સરદાર પટેલ સોસાયટીમાં રહેતા જયદીપભાઈ ઉર્ફે વાવા/લાલા ગોવિંદભાઈ બકુત્રા પોતાના રહેણાંક મકાનમાં અન્ય ઈસમોને જુગારના સાધનો પૂરા પાડી, પોતાના અંગત આર્થિક ફાયદા માટે નાલ ઉઘરાવીને બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે.,આ બાતમીના આધારે પોલીસે નિર્દિષ્ટ મકાનમાં દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન તીનપત્તીનો જુગાર રમી રહેલા



મકાન માલિક તથા બહારથી જુગાર રમવા આવેલ શખ્સો ઝડપાઇ ગયા હતા.

પોલીસે જયદીપભાઈ ઉર્ફે લાલા ગોવિંદભાઈ બકુત્રા (મકાન માલિક, રહે. સરદાર પટેલ સોસાયટી, રવાપર), સંદીપભાઈ જગદીશભાઈ શેરશીયા (રહે. રવાપર), આશીષભાઈ ભગવાનજીભાઈ ડાંગર (રહે. ચિત્રકૂટ સોસાયટી, રવાપર), ભાવિનભાઈ ગિરીશભાઈ કારીયા (રહે. ન્યુ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર્સ, શનાળા રોડ), રાજેશભાઈ ઉર્ફે મુન્નાભાઈ ગોવિંદભાઈ બકુત્રા (રહે. વાવડી રોડ, શ્રદ્ધા પાર્ક), કિશનભાઈ દેવદાનભાઈ કુંભારવાડીયા (રહે. સરદાર સોસાયટી, રવાપર), ભાવેશભાઈ હિરાભાઈ જીલરીયા (રહે. સરદાર પટેલ સોસાયટી, રવાપર)ને ઝડપી લીધા હતા. પોલીસે ઉપરોક્ત તમામ સાતેય આરોપીઓની અંગજડતી અને જુગારના સ્થળેથી રોકડા રૂપિયા ૭,૮૫,૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો. એ ડિવિઝન પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ ૪ અને ૫ મુજબ ગુનો નોંધીને કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી પોલીસની આ સરાહનીય કામગીરીથી જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### ક્રેડિટ પર 7865 બોક્સ ટાઇલ્સ મંગાવી પેમેન્ટ ચુકવ્યા વગર મોબાઈલ સ્વિચ ઓફ કર્યોઃ પોલીસે ગુનો નોંધાયો

# મોરબીના સિરામિક વેપારી સાથે 44.74 લાખથી વધુની ઠગાઈ મુંબઈના શખ્સે આચરી છેતરપિંડી

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી પંથકમાં વેપારીઓને વિશ્વાસમાં લઈને છેતરપિંડી આચરવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, ત્યારે તાજેતરમાં જ વધુ એક સિરામિક વેપારી સાથે રૂ. ૪૪.૭૪ લાખથી વધુની મત્તાની માલની ઠગાઈ થયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મુંબઈની પેઢીના નામે ક્રેડિટ પર ટાઇલ્સનો જંગી જથ્થો મંગાવી લીધા બાદ પેમેન્ટ ચૂકવ્યા વગર આરોપીએ પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દેતા સિરામિક આલમમાં ભારે ચકચાર મચી જવા પામી છે.મળતી વિગતો મુજબ, મોરબીના રંગપર ગામે આવેલી 'વેલેન્ઝા ગ્રેનીટો એલ.એલ.પી.' નામની વિટ્રીફાઈડ ટાઇલ્સ બનાવતી ભાગીદારી પેઢીના ભાગીદાર ભગતભાઈ પ્રાગજીભાઈ છત્રોલા સાથે આ છેતરપિંડી આચરવામાં આવી છે. કંપનીના માર્કેટિંગનું કામ સંભાળતા જીતભાઈ વાસજાળીયાના મોબાઈલ નંબર પર રજનીકાંતભાઈ પોપટભાઈ ખોખર નામના શખ્સે સંપર્ક કર્યો હતો. તેણે પોતે મુંબઈમાં 'પ્રખેતુ વેન્ચર્સ એલ.એલ.પી.' નામની પેઢી ધરાવતો હોવાનું અને મોટું કન્સ્ટ્રક્શન ચાલતું હોવાનું કહી ટાઇલ્સના સેમ્પલ મંગાવ્યા હતા.આરોપીએ વેપારીનો વિશ્વાસ જીતવા માટે સ્થાનિક મિલેનીયમ સિરામિકવાળા વ્યક્તિનો સંપર્ક કરાવી પોતે મોટો અને સારો વેપારી હોવાનો દંભ રચ્યો હતો. વેપારીને વિશ્વાસમાં લીધા બાદ આરોપીએ અલગ-અલગ ડિઝાઈનના કુલ ૭,૮૬૫ બોક્સ ટાઇલ્સ (જેની કિંમત રૂ. ૪૪,૭૪,૯૮૫/-) રાજ શક્તિ રોડવેઝ ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવી લીધા હતા.ત્યારબાદ નક્કી કરેલી મુદતે પેમેન્ટ ચૂકવવાનો સમય આવતા જ રજનીકાંત ખોખરે પોતાના સંપર્ક નંબરો સ્વિચ ઓફ કરી દીધા હતા. આ અંગે વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં ભગતભાઈ છત્રોલાએ આરોપી રજનીકાંત પોપટભાઈ ખોખર (રહે. મુંબઈ) તથા તેના મોબાઈલ નંબર ધારક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### મોરબી ગ્રાહક અદાલતનો ઐતિહાસિક ચુકાદો

# પ્રેમેરિકા લાઈફ ઈન્સ્યોરન્સને રૂ.8.80 લાખ ચૂકવવા આદેશ

### ખોટા બહાના હેઠળ વિધવા મહિલાનો ક્લેઈમ નામંજૂર કરનાર વીમા કંપનીને 9% વ્યાજ-ખર્ચ સાથે રકમ ચુકવવાનો હુકમ

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીમાં વીમા કંપની દ્વારા ગ્રાહક સાથે કરવામાં આવેલા અન્યાય સામે ગ્રાહક અદાલતે લાલ આંખ કરી છે. વિધવા મહિલાના મૃતક પતિનો વીમા ક્લેઈમ ખોટા કારણોસર ના મંજૂર કરનાર પ્રેમેરિકા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીને મોરબી ગ્રાહક અદાલતે ૯% ના વ્યાજ સાથે રૂ. ૮,૮૦,૨૭૯ ની રકમ ચૂકવી આપવાનો સપાટો બોલાવતો ઐતિહાસિક હુકમ કર્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબીના રહીશ શારદાબેન નવલભાઈ વણપરીના પતિ નવલભાઈએ આધાર ફાઈનાન્સમાંથી મકાન લોન લીધી હતી. આ લોનની સુરક્ષા સામે આધાર ફાઈનાન્સ દ્વારા પ્રેમેરિકા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીનો વીમો લેવામાં આવ્યો હતો, જેમાં તમામ પ્રકારની બીમારીઓને આવરી લેવામાં આવી હતી.દરમિયાન નવલભાઈનું અવસાન થતાં તેમના પત્ની શારદાબેને વીમા ક્લેઈમ માટેના તમામ જરૂરી કાગળો સમયમર્યાદામાં રજૂ કર્યા હતા. આમ છતાં, પ્રેમેરિકા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીએ 'રેપ્યુડિએશન' (ખોટા કારણો) નું બહાનું દર્શાવીને વીમાની રકમ ચૂકવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.અન્યાયનો ભોગ બનેલા શારદાબેને મોરબી શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા મારફતે ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કર્યો હતો. અદાલતમાં કેસની સુનાવણી દરમિયાન ન્યાયમૂર્તિએ નોંધ્યું હતું કે, ગ્રાહકે વીમાનું પૂરેપૂરું પ્રીમિયમ ભરેલું છે અને પોલિસીના કરાર મુજબ તમામ હપ્તા ભરાયેલા હોવાથી વીમા કંપની રકમ ચૂકવવા માટે કાયદાકીય રીતે બંધાયેલી છે.અદાલતે વીમા કંપનીની દલીલો ફગાવી દઈને શારદાબેનની તરફેણમાં ચુકાદો આપતા પ્રેમેરિકા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીને રૂ. ૮,૮૦,૨૭૯ ની મૂળ રકમ તથા કેસ ખર્ચના રૂ. ૨,૦૦૦ મળીને આ સમગ્ર રકમ ૯% ના વ્યાજ સાથે ચૂકવી આપવાનો આદેશ કર્યો છે.

# મોરબી મફતીયાપરામાં થયેલી હત્યા કેસમાં ચાર આરોપીઓ શંકાના લાભથી નિર્દોષ

## મારામારીમાં ફરિયાદી સહિત 24 સાક્ષીઓની જુબાની બાદ સેશન્સ કોર્ટનો ચુકાદો

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના મફતીયાપરા વિસ્તારમાં થયેલા હત્યા અને હત્યાના પ્રયાસના કેસમાં ચાર આરોપીઓને શંકાનો લાભ આપીને મોરબીની સેશન્સ અદાલતે નિર્દોષ છોડી મૂક્યા છે. આ કેસમાં ફરિયાદી પક્ષે ફરિયાદી સહિત કુલ ૨૪ સાક્ષીઓની જુબાની નોંધાવી હતી. બંને પક્ષોની દલીલો અને રજૂ થયેલા પુરાવાઓને ધ્યાનમાં લીધા બાદ અદાલતે આરોપીઓના પક્ષમાં ચુકાદો આપ્યો હતો.


એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા


એડવોકેટ જીતુભા જાડેજા

કેસની હકીકત મુજબ, ફરિયાદી શારદાબેન ગોગનભાઈ વાઘેલાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરે તેઓ અને તેમના પતિ ગાંધી ચોક વિસ્તારમાં ભંગારનો વ્યવસાય કરતા હતા. આ દરમિયાન તેમના કુટુંબીક ભાઈ રસિક દેવશીભાઈ સારોલા મેમરી કાર્ડ વેચવા આવ્યા હતા અને તેના બદલામાં રૂ. ૧૦૦ની માંગણી કરી હતી. ફરિયાદ મુજબ, તેમના પતિએ મેમરી કાર્ડ લેવાની ના પાડતાં બોલાચાલી થઈ હતી.

ત્યારબાદ સાંજે આશરે ૫:૧૫ વાગ્યે તેઓ પોતાના ઘર પાસે રસ્તા પર ઊભા હતા ત્યારે રસિક દેવશીભાઈ સારોલા, હરેશ ઉર્ફે ઉગો દેવશીભાઈ સારોલા, મુકેશ રસિકભાઈ સારોલા અને સુરેશ કિશોરભાઈ ચારોલિયા છકડા રિક્ષામાં ત્યાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ હતો. ફરિયાદ મુજબ, તેઓ લોખંડની એંગલ અને પાઈપ વડે ગોગનભાઈ પર હુમલો કરવા લાગ્યા હતા. શારદાબેન વચ્ચે પડતાં તેમને પણ પાઈપનો ઘા મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરાયો હતો. બૂમાબૂમ થતાં આસપાસના લોકો એકત્ર થતાં આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત ગોગનભાઈને ૧૦૮ મારફતે સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

આ બનાવ અંગે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં શરૂઆતમાં હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ગોગનભાઈનું મૃત્યુ થતાં કેસમાં હત્યાની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો. પોલીસે રસિક દેવશીભાઈ સારોલા, હરેશ ઉર્ફે ઉગો દેવશીભાઈ સારોલા, મુકેશ રસિકભાઈ સારોલા અને સુરેશ કિશોરભાઈ ચારોલિયાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ રજૂ કરી હતી.

કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષે ફરિયાદી સહિત કુલ ૨૪ સાક્ષીઓની જુબાની રજૂ કરી હતી. દલીલો દરમિયાન આરોપી પક્ષે ફરિયાદ અને સાક્ષીઓની જુબાનીમાં વિરોધાભાસ હોવા, હથિયારો તથા આરોપીઓનાં કપડાં પર લોહીના નિશાન ન મળવા, મહત્વના સાક્ષીઓની તપાસ ન થવા અને ઘટનાસ્થળ અંગેની વિગતોમાં વિસંગતતા હોવા સહિતના મુદ્દાઓ રજૂ કર્યા હતા. આરોપી પક્ષે અગાઉના ન્યાયિક ચુકાદાઓનો પણ આધાર લીધો હતો.

અદાલતે બંને પક્ષોની દલીલો અને રેકર્ડ પરના પુરાવાઓને ધ્યાનમાં લીધા બાદ ચારેય આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપીઓ તરફથી મોરબીના એડવોકેટ જીતુભા જાડેજા તથા રાજકોટના ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મિલન જોષી, જયવીર બારૈયા, દીપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, જય અકબરી, યશેશ ખેર, સહદેવ રાઠોડ, વિવેક ખૂંટ અને ધવલ પુરોહિત સહિતના વકીલો રોકાયા હતા.

# રાજકોટમાં વાળંદ સમાજનો ભવ્ય વૃંદાવન રાસોત્સવ

## ક્ષૌરકર્મ ધંધાદાર સમિતિનું આયોજન, 20 ઓક્ટોબરે નાનામવા સર્કલ પાસે 5,000 લોકો જોડાશે




**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી ક્ષૌરકર્મ ધંધાદાર સમિતિ, રાજકોટ દ્વારા વાળંદ સમાજની એકતા અને સંસ્કૃતિને જાળવી રાખવાના હેતુથી તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના મંગળવારે વૃંદાવન રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નાનામવા સર્કલ પાસે આવેલા શ્રીરામ મસાલા ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ વન-ડે નવરાત્રી રાસોત્સવમાં અંદાજે ૫,૦૦૦ લોકો જોડાય તેવી શક્યતા છે. સમાજના સભ્યો એક જ સ્થળે એકત્રિત થઈ માતાજીની આરાધના કરી શકે અને પરંપરા સાથે સામાજિક એકતાની ભાવના મજબૂત બને તેવા ઉમદા હેતુથી સમિતિ દર વર્ષે રાસોત્સવનું આયોજન કરે છે. આ વર્ષે પણ કાર્યક્રમને સમાજ તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. રાસોત્સવ સાંજે ૬:૩૦થી રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી યોજાશે.

આ આયોજનને સફળ બનાવવા સમિતિના પ્રમુખ અતુલ વાજા, ઉપપ્રમુખ સચિન પરમાર, ખજાનચી લલિત પરમાર, મંત્રી ભરત ધોળકિયા, સહમંત્રી બળદેવ સોલંકી સહિત અરવિંદ સોલંકી, મહેશ રાઠોડ, નીતિન રાઠોડ, પરેશ જોટંગિયા, રવિ રાઠોડ, અલ્પેશ ચૌહાણ, તરુણ રાઠોડ, ભોલેશ વૈષ્ણવ, નિલેશ ગોહેલ, બીપીન ચૌહાણ, કેયુર ભટ્ટી, સતીશ વાઘેલા અને ઘેલાભાઈ ધામેલિયા સહિત ૧૦૦થી વધુ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જેલર પંડ્યા બેરેકમાં આવ્યા તેમણે જોયુ અહિયા આઠ કેદી છે પણ અત્યારે છ જ છે બાકીના બે ક્યા છે

જેલર કૌશીક પંડયાને મહંમદ ઉપર ખુબો ગુસ્સો હતો, પણ હવે રીટાયર થવાને થોડા વર્ષો બાકી છે ત્યારે ક્યાં બબાલ ઊભી કરી કરવી તેવું માની તે પોતાની જાતને શાંત કરી દેતા હતા. મહંમદ અને તેના સાથીઓને આ અલગ બેરેકમાં મુકવાના આઇજીપીના આદેશ પછી તેઓ ક્યારેય બેરેક ચેક કરવા આવ્યા ન્હોતા, પણ આજે અચાનક રાઉન્ડ લેવા આવ્યા માટે વોર્ડમાં આવી ગયા હતા. તેમને આ કેદીઓની બેરેકમાં જવાની જરા પણ ઈચ્છા ન્હોતી, પણ તેમના ધ્યાનમાં આવ્યુ કે વોર્ડમાં તેમની સામે છ કેદીઓ જ ઊભા હતા, જ્યારે આ વોર્ડમાં કેદીઓની સંખ્યા આઠ છે, તેમણે ત્યાં હાજર બધાના ચહેરા જોયા અને મનમાં તેમની સંખ્યા પણ ગણી, તેમણે મહંમદ સામે જોતા પુછ્યું તમે છ જ કેમ છો, બીજા બે ક્યાં છે તેમ કહી તેમણે આજુબાજુ નજર ફેરવી, આવો કોઈ પ્રશ્ન આવશે તેવી મહંમદ અને તેના સાથીઓને કોઈ કલ્પના ન્હોતી. મહંમદ એકદમ ચમકી ગયો, તેને તરત તો કાંઈ સુજ્યું પણ નહીં કે પંડયાને શું જવાબ આપુ, પણ તરત ખ્યાલ આવ્યો કે તેનો ચહેરો કઈક ગરબડ છે તેની ચાડી ખાશે, એટલે તેણે તરત પોતાની ઉપર નિયંત્રણ મેળવતા કહ્યું સાહેબ અમારા ચાંદ અને દાનીશ ઉંઘણશી છે, કાયમ મોડા જ ઉઠે છે. ચાંદ ન્હાવા ગયો છે અને દાનીશ સંડાસ ગયો છે, સંડાસ શબ્દ સાંભળતા પંડયાના નાકનું ટેરવું ચઢ્યું, તેમણે સારૂ સારૂ કહી તેઓ ત્યાંથી પોતાના સ્ટાફ Staff સાથે નિકળ્યા. પંડયા દરવાજાની બહાર ગયા, ત્યારે મહંમદે પોતાની છાતી ઉપર હાથ મુક્યો તો ૧૨૦ની ઝડપે તેનું હૃદય ધબકી રહ્યું હતું. યુનુસે જોયું કે પહેલી વખત મહંમદના ચહેરા ઉપર ડર દોડી આવ્યો હતો. તેણે મહંમદના ખભા ઉપર હાથ મુકી શાંત થવાનો ઈશારો કર્યો. મહંમદે ઉંડા શ્વાસ લેવાની શરૂઆત કરી. મહંમદનું મન એક સાથે અનેક વિચારો કરી રહ્યું હતું, જો ખરેખર પંડયા બેરેકમાં આવ્યા હોત અને બાથરૂમ સંડાસ ચેક કરી દાનીશ અને ચાંદ ક્યાં છે તેની તપાસ કરી હોત તો... આવા અનેક વિચારોએ મહંમદને ડરાવી દીધો હતો, ક્યારેય આવું પણ બનશે તેણે તેવો વિચાર સુધ્ધા કર્યો ન્હોતો તેના કારણે તે




ડરી ગયો હતો.

તેણે યુનુસને દરવાજા તરફ ધ્યાન રાખવાનો ઈશારો કર્યો અને તે બેરેકની પાછળ તરફ ગયો તેણે બેરેકની પાછળની તરફ થયેલા ખાડા પાસે ગયો, પહેલા આજુબાજુ નજર કરી અને પછી ઉભડક પગે બેસી તેણે ખાડાના મોંઢા પાસે મોંઢુ રાખી ધીમા અવાજે બુમ પાડી ચાંદ.. ચાંદ.. થોડીવાર પછી માટીમાં ભુત થઈ ગયેલો ચાંદ ચાદરમાં માટી ભરી ખાડાના મોંઢા પાસે આવ્યો, તેના હાથમાં માટી ભરેલી ચાદર હતી, મહંમદે પહેલા તેને હાથમાંથી ચાદર પકડી ઉપર તરફ ખેંચી અને માટી ભરેલી ચાદર ખાડાના મોંઢાથી થોડેક દુર ખાલી કરી, ચાંદે જોયું તો મહંમદ ડરેલો હતો. તેણે પોતાના માટીવાળા હાથ ઝટકતા પુછ્યું મેજર શું થયું, તેણે ચાંદના હાથનું કાંડુ પકડી ધીમા અવાજે કહ્યું દાનીશને બહાર બોલાવી લે જલદી, ચાંદ તેની સામે જોઈ રહ્યો કારણ તેને બહાર શું થયું છે તે સમજાયુ ન્હોતું, મહંમદે તેને કહ્યું જલદી બોલાવ. ચાંદ ખાડા પાસે ગયો અને જમીન પાસે આડો પડી તેણે અવાજને દબાવી બુમ પાડી, દાનીશ બહાર આ જાઓ, દાનીશ હાથમાં ત્રિકમ સાથે બહાર આવ્યો, તેણે જોયુ તો મહંમદના ચહેરા ઉપર ડર હતો અને ચાંદના ચહેરા ઉપર આશ્ચર્ય હતું. તેનો ચહેરો પ્રશ્ન પુછી રહ્યો હતો કે શું થયું. મહંમદે ખાડામાંથી બહાર આવવા માટે પગથીયા બનાવ્યા હોવા છતાં પહેલા દાનીશના હાથમાંથી ત્રીકમ લીધો અને પછી તેને હાથ આપી બહાર ખેંચી કાઢતા કહ્યું જલદી બાથરૂમમાં જતા રહો ન્હાઈ ધોઈ બહાર નિકળજો. મહંમદને ઉતાવળ હતી, મહંમદે તેમને ટુકાણમાં વાત કરી કહ્યું જેલર Jailer આવ્યા હતા તેમણે મને પુછ્યું તમે બન્ને ક્યાં છો, મેં કહ્યું બાથરૂમ અને સંડાસમાં છો જલદી તમે અહીંયાથી બહાર નિકળો.

મહંમદે તેમને ઉતાવળે બાથરૂમમાં મોકલી દીધા, મહંમદના મનમાં ઉચાટ હતો, પકડાઈ ગયા હોત તો શું થાત તે વિચાર તેનો પીછો છોડતા ન્હોતા. તેને મનમાં લાગી રહ્યું હતું જેલર પંડયા હજી તેની વાત ઉપર ભરોસો કરતા નથી, તેના કારણે જ તેણે બન્નેને સુરંગમાંથી બહાર બોલાવી લીધા હતા..મહંમદને ખબર હતી કે જો બધા એક સાથે સુરંગ ખોદવાની


પ્રશાંત દયાળ

કામગીરીમાં રોકાશે તો કોઈને પણ શંકા જશે, જેના કારણે બે બેની જોડીમાં જ કામ કરવાનું હતું, જ્યારે બે સાથીઓ ખોદવાનું અને માટી કાઢવાનું કામ કરતા હોય. ત્યારે બાકીના છ સાથીઓ બેરેકમાં પણ નહીં બેસવાનું પણ વોર્ડના ખુલ્લા મેદાનમાં ઊભા રહેવાનું જેનાથી બહારથી પસાર થતાં કેદીઓ અને જેલ સીપાઈને શંકા જાય નહીં, પણ મહંમદને અંદાજ ન્હોતો કે, ભેંસ જેવું શરીર ધરાવતા જેલર પંડયાની બુધ્ધી આટલી ચાલશે અને તેને ખબર પડી જશે કે બે સાથીઓ ઓછા કેમ છે. છેલ્લા કેટલાય દિવસોથી સુરંગ ખોદવાની શરૂઆત થઈ ગઈ હતી, પણ આ અનુભવે શીખવાડી દીધુ હતું કે હવે આવી ઘટના ફરી થાય નહીં તે માટેનો ઉપાય શોધી કાઢવાનો હતો.

સુરંગ ખોદવા માટે ત્રિકમ તો હતો, પણ અંદરથી નિકળતી માટી બહાર લાવવા માટે કોઈ સાધન ન્હોતુ, હવે જો તેના માટે તગારૂ Hod મંગાવીએ તો શંકા જવાનો ડર હતો, પણ મહંમદે તેનો ઉપાય શોધી કાઢયો હતો, જેલ Jail દ્વારા ધાબળા ઉપર પાથરવા માટે આપવામાં આવતી ચાદરનું પોટલુ બનાવી તેમાંથી માટી બહાર કાઢવાનો નિર્ણય લીધો હતો, જેમ જેમ દિવસો પસાર થતા હતા તેમ તેમ નવી નવી સમસ્યા સામે આવી રહી હતી. અત્યારે તો ચાદર અને ત્રિકમથી કામ શરૂ થયું હતું, જો કે સવારે બંદી ખુલે ત્યારે એકાદ બે કલાક અને સાંજે એકાદ બે કલાકનો જ ટાઈમ સુરંગ ખોદવા માટે મળતો હતો, જેના કારણે રોજ બે અઢી ફુટ જેટલુ જ ખોદાતું હતું કારણ છ માણસો વોર્ડના મેદાનમાં બેસી રહેતા અને બે જ માણસો કામ કરતા હતા, જેના કારણે ખોદવાની ઝડપ બહુ ઓછી હતી. મહંમદને ઉતાવળ હતી, પણ તેની પાસે બીજો કોઈ રસ્તો પણ ન્હોતો. સુરંગ ખોદવાની માટી ક્યાં નાખવી તે પણ એક સમસ્યા હતી કારણ એક દિવસ તાજી માટી જોઈ એક સીપાઈએ પુછ્યું હતું કે માટી ક્યાંથી આવી, મહંમદે તરત કહ્યું આ તો ગાર્ડન બનાવવા માટે ખોદી હતી તેની માટી છે, પછી તો રોજ સવારે આગલા દિવસે નિકળેલી માટી ઠેલણ ગાડીમાં ભરી ઉપર સુકા પાદડાઓ ભરી ડમ્પીંગ સાઈટ ઉપર નાખી આવતા હતા, ખાસ કરી સીપાઈઓને એવું લાગી રહ્યું હતું કે આ બેરેકમાં કઈક ગરબડ ચાલી રહી છે, પણ હજી સુધી તેમને ક્યાં પ્રકારની ગરબડ ચાલી રહી છે તેની ખબર પડતી ન્હોતી અને તેઓ આ બેરેકના કેદીઓ Prisoner સાથે સીધા ઘર્ષણમાં ઉતરવા માગતા ન્હોતા. મહંમદને તે દિવસે અંદાજ આવી ગયો હતો કે આજે જે બન્યું તે ગંભીર હતું પણ હવે વધુ મુશ્કેલીઓ આવશે તેના માટે તૈયાર રહેવાની જરૂર છે. (ક્રમશઃ)

**ગામના વિકાસ માટે રૂ. 5 લાખની ગ્રાન્ટ ફાળવી**

# MLA સોમાણીએ રતનપરથી વિજયનગર રોડનું ખાતમુહૂર્ત



સિટી ન્યૂઝ@રાજકોટ

સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે રાજકોટ તાલુકાના રતનપર ગામે રતનપરથી વિજયનગર સુધીના રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ તા. ૧૩-૧૦-૨૦૨૬ના રોજ આ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે ગામના વિકાસ માટે રૂ. ૫ લાખની ગ્રાન્ટ પણ ફાળવી હતી.

આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા પંચાયતની બેડી-૩ બેઠકના સભ્યના પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા, તાલુકા પંચાયત પ્રમુખ વિજયાબેન દાફડા, રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ કેયુરભાઈ ઢોલરિયા, તાલુકા પંચાયતના સભ્યના પ્રતિનિધિ ધનરાજભાઈ રાઠોડ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મનોજભાઈ ચૌહાણ તથા મોરબી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ચેતનગિરિ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત રાજકોટ તાલુકા ભાજપ યુવા મોરચાના મહામંત્રી ધનરાજભાઈ ડોડીયા, તાલુકા ભાજપના ઉપપ્રમુખ ગણેશભાઈ ગોહિલ, અનુસૂચિત મોરચાના પ્રમુખ સુરેશભાઈ મકવાણા, તાલુકા યુવા મોરચાના પ્રમુખ શુભમભાઈ સોજીત્રા, વિજયનગરના સરપંચ ભિખાભાઈ ગઢિયા, રતનપરના સરપંચ ઈન્દ્રજીતસિંહ ઝાલા, ઉપસરપંચ હરદેવસિંહ ઝાલા, વિજયનગરના ઉપસરપંચ ભાયલાલભાઈ શિયાળ અને પૂર્વ સરપંચ લાલુભા ઝાલા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ગામના આગેવાનો મહાવીરસિંહ ઝાલા, ભારતસિંહ ઝાલા, કૃષ્ણસિંહ ઝાલા, કિશોરસિંહ ઝાલા, પ્રવીણસિંહ ઝાલા, રઘુભા ઝાલા, નરશીભાઈ રંગાણી, મોહિતભાઈ ગઢિયા, દિલીપભાઈ ગઢિયા, કલ્પેશભાઈ ગઢિયા, રાઘવજીભાઈ જાપડા, કૈલાશભાઈ દેવડા, રામજીભાઈ ગજેરા તથા અકબરી પરિવારના સભ્યો સહિત ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# દિનેશભાઈ આહીરે દુહા-છંદ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો

## ખીજડિયા ગામે 114 કલાકારોએ ભાગ લીધો; એક મિનિટમાં 64 જોગણી અને 84 ચારણ આયુનાં નામ સાથે 18 દુહા–છંદ રજૂ કર્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ નજીક આવેલા ખીજડિયા ગામે નવરાત્રિના પાવન અવસરે એક દિવસીય દુહા-છંદ અને લોકસાહિત્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાના-મોટા મળીને કુલ ૧૧૪ કલાકારોએ ભાગ લીધો હતો.કાર્યક્રમમાં લોકસાહિત્યકાર દિનેશભાઈ આહીરે પોતાની વિશિષ્ટ રજૂઆતથી સૌનું ધ્યાન ખેંચ્યું



હતું. તેમણે માત્ર એક મિનિટમાં ૬૪ જોગણી અને ૮૪ ચારણ આયુનાં નામ બોલવાની સાથે ૧૮ દુહા-છંદ રજૂ કર્યા હતા. તેમની આ પ્રભાવશાળી રજૂઆત બદલ નિર્ણાયકો દ્વારા તેમને પ્રથમ ક્રમ જાહેર કરવામાં આવ્યો હતો.લોકસાહિત્ય અને દુહા-છંદની પરંપરાને જીવંત રાખતા આ કાર્યક્રમમાં કલાકારોએ પોતાની પ્રતિભા રજૂ કરી હતી. દિનેશભાઈ આહીરની આ સિદ્ધિ બદલ તેમને ચારે તરફથી અભિનંદન મળી રહ્યાં છે.

# સેવાભાવી અને લોકપ્રિય આગેવાન પરેશભાઈ દાવડાનો આવતીકાલે જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



દિવ્ય કેસરી અને લુહાર સમયના તંત્રી તથા શ્રી વિશ્વકર્મા ફાઉન્ડેશન, રાજકોટના પ્રમુખ પરેશભાઈ દાવડાનો ૧૮ ઓક્ટોબરે જન્મદિવસ છે. આ પ્રસંગે રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો, મિત્રો અને શુભેચ્છકો તરફથી તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. પરેશભાઈ દાવડા છેલ્લા દોઢ દાયકાથી મિડિયા ક્ષેત્રે સક્રિય છે. પત્રકારત્વના માધ્યમથી લોકપ્રશ્નો, જનહિતના મુદ્દાઓ અને સકારાત્મક સમાચારોને વાચા આપવાની સાથે જનજાગૃતિ ફેલાવવાના કાર્યમાં તેઓ યોગદાન આપી રહ્યા છે.શ્રી વિશ્વકર્મા ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે તેઓ લુહાર અને વિશ્વકર્મા સમાજના શૈક્ષણિક તથા સામાજિક વિકાસ માટે પ્રયત્નશીલ છે. શિક્ષણ પ્રત્યે જાગૃતિ, નવી પેઢીની પ્રગતિ અને સામાજિક એકતા મજબૂત બને તેવા હેતુથી વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. પરેશભાઈ દાવડા ભારતીય જનતા પાર્ટી સાથે પણ લાંબા સમયથી જોડાયેલા છે. રાજકીય અને સામાજિક ક્ષેત્રે લોકસંપર્ક જાળવી લોકહિતનાં કાર્યોમાં સહયોગ આપતા રહ્યા છે. સરળ સ્વભાવ, સેવાભાવી વિચારધારા અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમની આગવી ઓળખ છે. જન્મદિવસ નિમિત્તે પરેશભાઈ દાવડાને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, સુખ-સમૃદ્ધિ અને ઉત્તરોત્તર પ્રગતિ મળે તથા પત્રકારત્વ અને સમાજસેવાના ક્ષેત્રે વધુ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. તેમના મોબાઈલ નંબર ૯૪૨૭૨ ૮૪૦૧૭ પર શુભેચ્છાઓનો પ્રવાહ જોવા મળી રહ્યો છે.

# આજકાલના ઝેન-ઝી પત્રકાર જીજ્ઞેશ ભટ્ટનો આજે જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



સમાચાર જગતમાં આગળ રહેવા માટે માત્ર સમાચાર જાણવા પૂરતું નથી, પરંતુ દરેક ક્ષણે સજાગ અને એલર્ટ રહેવું પડે છે. એક તરફ ગળાકાપ હરિફાઈ અને બીજી તરફ સોશિયલ મીડિયાનું આક્રમણ! આવા ડિજિટલ યુગમાં દરેક ઘટનાને ઝડપથી કવર કરી, તેની સત્યતા ચકાસીને સમયસર સમાજ સુધી પહોંચાડવી પત્રકાર માટે મોટો પડકાર છે. આવા પડકારો વચ્ચે રાજકોટના આજકાલના ઝેન-ઝી પત્રકાર જીજ્ઞેશ ભટ્ટનો આજે જન્મદિવસ છે. દિવસ-રાત ૨૪x૭ એલર્ટ રહી ડિજિટલ પત્રકારત્વમાં સક્રિય જીજ્ઞેશ ભટ્ટ પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યા છે. સમાચારોની સતત બદલાતી દુનિયામાં સતર્કતા અને સમાચારની વિશ્વસનીયતા જાળવવાની જવાબદારી સાથે તેમની પત્રકારત્વની સફર આગળ વધી રહી છે.

# કંકણ પ્રસ્તુત સરગમ ગેલેક્સી ગ્રૂપ આયોજિત ‘માઁ તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમે’

» કાર્યક્રમની દશેરા મંગળવારે હેમુ ગઢવી હોલ ખાતે શક્તિ આરાધનારૂપી કલાત્મક રજૂઆત

» ગરબા ગરબી– રાસ રાસડાની 45 પ્રકારોની Gen-Z રેપ(છંદ) રાસ સુધીની કલામય પ્રસ્તુતિ

## કંકણની ગરબા વિશ્વને માતાજીની જાતરનો ડાક તલવાર ત્રિશુળ શંખ, માઁ મોમાઈ ચામુંડા હિંગળાજ -મહાકાળી સંગાથેભવાઈ ગરબાની અને કૃષ્ણના GenZ વલોણાં રાસની નવતર ભેટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલા સંસ્થા કંકણ ઈન્ટરનેશનલ ગરબા ગ્રૂપ, રાજકોટ દ્વારા સરગમ ક્લબ, ગેલેક્સી ગ્રૂપ અને કંકણ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત આયોજનમાં માઁ તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમે કાર્યક્રમનું આયોજન દશેરા, તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના મંગળવારે રાત્રે ૮:૪૫ કલાકે રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે કરવામાં આવ્યું છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR), વિદેશ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા માન્યતા પ્રાપ્ત કંકણ સંસ્થા દ્વારા દર વર્ષે યોજાતા આ કાર્યક્રમમાં પરંપરાગત ગરબા, ગરબી, રાસ અને રાસડાની વિવિધ કલાત્મક રજૂઆતો કરવામાં આવશે.

કાર્યક્રમમાં પરંપરાગત ગરબા-ગરબીથી લઈને કૃષ્ણના રાસ અને Gen-Z રેપ (છંદ) રાસ સુધીની અંદાજે ૪૫ પ્રકારની કલાત્મક પ્રસ્તુતિઓ રજૂ થશે. માતાજીની જાતરનો ડાક, તલવાર, ત્રિશૂળ અને શંખ જેવા પરંપરાગત પ્રતીકો સાથે મા મોમાઈ, ચામુંડા, હિંગળાજ અને મહાકાળીની આરાધના તેમજ ભવાઈ ગરબા અને કૃષ્ણના રાસની નવતર રજૂઆતો કાર્યક્રમનું આકર્ષણ બનશે.કાર્યક્રમનું દીપપ્રાગટ્ય કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને ICCRના હેડ વિશાલ વિક્રમના હસ્તે થવાનું છે. કંકણના પ્રેરણાસ્ત્રોત હંસદેવજી સાગઠિયા, અકિલાના મોભી કિરીટભાઈ ગણાત્રા અને સદભાવના હોસ્પિટલના ડૉ. ઘનશ્યામ જાગાણીના આશીર્વાદ આ કાર્યક્રમને મળ્યા છે.કંકણના કાર્યક્રમને સફળ બનાવવા સરગમ ક્લબ, રાજકોટના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી ડૉ. અલ્પનાબેન ત્રિવેદી અને ગેલેક્સી ગ્રૂપ ઑફ સ્કૂલ્સના કિરણભાઈ પટેલ સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમને અરવિંદભાઈ પટેલ (ફિલ્ડમાર્શલ), મનીષભાઈ માદેકા (રોલેક્સ રીંગ્સ), સુરેશભાઈ નંદવાણા (ભવાની ઈન્ડસ્ટ્રીઝ) અને પરાક્રમસિંહ જાડેજા (જ્યોતિ CNC, રાજકોટ)નો આર્થિક સહયોગ મળ્યો છે.

સમૂહ સ્વરોમાં ઉન્નતિ દેસાઈ, કૃતિ વસાવડા, સૂચિત્રા મહેતા, ફાલ્ગુની રાવલ અને તૃપ્તિ નિમાવત જોડાશે. કાર્યક્રમનું સંચાલન કંકણનાં કલાકાર RJ નિશિતાદીપ માંડવીયા અને નૃત્ય નિર્દેશિકા સોનલ હંસદેવજી સાગઠિયા કરશે. સમગ્ર કાર્યક્રમનું કલ્પન, સંકલન અને નૃત્ય નિર્દેશન કંકણના મેનેજિંગ ટ્રસ્ટી હ્વિંકલ ઘનશ્યામ જાગાણી, ઝલક મિહિર છાયા, શુભશ્રી સ્મિત ઠકરાર, ભક્તિ કેતન રાવલ અને Gen-Z મીમાંસા રૂપારેલિયા દ્વારા કરવામાં આવ્યું છે. ગીત-સંગીતની જવાબદારી ઓલ ઈન્ડિયા રેડિયો, રાજકોટના મ્યુઝિક ડિરેક્ટર ડૉ. ભરત પટેલ અને યશ સ્ટુડિયો, રાજકોટના કલીમ શેખ સંભાળશે.

અકિલા અખબારના માધ્યમથી ફેસબુક લાઈવ પ્રસારણ થવાનું હોવાથી દેશ-વિદેશના ૭૦ દેશોમાં વસતા ગરબાપ્રેમીઓ પણ આ કાર્યક્રમની વિવિધ પ્રસ્તુતિઓ માણી શકશે.

કાર્યક્રમના પ્રવેશ પાસ તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યાથી શ્રી લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય, શ્રી જે.જે. કુંડલિયા કોલેજ, શાસ્ત્રી મેદાન સામે, લીમડા ચોક, રાજકોટ ખાતેથી શિસ્તબદ્ધ રીતે હરોળમાં આપવામાં આવશે. કંકણના ટ્રસ્ટી આર્કિટેક્ટ નિલેશભાઈ ભોજાણી (સંપર્ક:૯૯૨૪૦ ૯૩૯૩૮)એ જણાવ્યું હતું કે Aથી J હરોળની બેઠકો આરક્ષિત રહેશે, જ્યારે અન્ય બેઠકો પ્રવેશના ક્રમ પ્રમાણે ફાળવવામાં આવશે. ૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને પ્રવેશ આપવામાં આવશે નહીં. પ્રેક્ષકોએ કાર્યક્રમના નિર્ધારિત સમયથી ૧૫ મિનિટ પહેલાં પોતાનું સ્થાન ગ્રહણ કરવાનું રહેશે. કાર્યક્રમ દરમિયાન મોબાઈલ અને વીડિયો શૂટિંગ પર પ્રતિબંધ રહેશે.



# ઈન્દિરાબેન સિંગાડાનું રાજકોટ ગૌરવ એવોર્ડથી સન્માન

## મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બેઠકમાં મેયર નેહલ શુક્લ અને ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણીના હસ્તે એવોર્ડ અર્પણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટનાં ઈન્દિરાબેન સિંગાડાનું રાજકોટ ગૌરવ મેયર એવોર્ડ અને ગાંધી એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બેઠક દરમિયાન મેયર નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી તથા અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓના હસ્તે તેમને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ સન્માન પ્રસંગે ઈન્દિરાબેન સિંગાડાને ઉપસ્થિત મહાનુભાવોએ અભિનંદન પાઠવ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકાની બેઠકમાં મળેલું આ સન્માન તેમના માટે વિશેષ પ્રસંગ બન્યું હતું. એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો તે સમયની તસવીરો પણ સામે



આવી છે.ઈન્દિરાબેન સિંગાડાને મળેલા આ સન્માન બદલ શુભેચ્છકો અને પરિચિતો તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે. આ પ્રસંગે તેમને વધુ પ્રગતિ અને સફળતા મળે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં સ્વચ્છતા પખવાડિયુંનું સફળતાપૂર્વક સમાપન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૧થી ૧૫ ઓક્ટોબર દરમિયાન યોજાયેલા સ્વચ્છતા પખવાડિયું૨૦૨૬નું સફળતાપૂર્વક સમાપન થયું. પખવાડિયા દરમિયાન રેલવે સ્ટેશનો, ટ્રેકસાઇડ વિસ્તારો, રેલવે કોલોનીઓ, કોચિંગ ડેપો, રનિંગ રૂમ અને અન્ય પરિસરોમાં સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, કચરા વ્યવસ્થાપન તથા જનજાગૃતિ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી.રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, સમગ્ર અભિયાનમાં ૧,૨૧૦ સહભાગીઓએ શ્રમદાન કર્યું હતું. આ દરમિયાન ૧૬,૩૦૮ ચોરસ મીટર વિસ્તારમાં સફાઈ કરીને ૫,૮૭૦ કિલોગ્રામ કચરો એકત્ર કરવામાં આવ્યો હતો.





## પખવાડિયા દરમિયાન 1210 સહભાગીઓએ શ્રમદાન કરી 16308 ચોરસ મીટર વિસ્તારની સફાઈ કરી તથા 5,870 કિલોગ્રામ કચરો એકત્ર કર્યો

૧ ઓક્ટોબરે એક દિવસ, એક કલાક, એક સાથે પહેલ અંતર્ગત ડિવિઝનનાં ૪૫ સ્થળોએ શ્રમદાન યોજાયું હતું. ૨ ઓક્ટોબરે મહાત્મા ગાંધી જયંતિ અને સ્વચ્છ ભારત દિવસ નિમિત્તે ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વમાં અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વચ્છતાના શપથ લીધા હતા. પ્રભાતફેરી સાથે એક વૃક્ષ મા ના નામે અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

૩થી ૫ ઓક્ટોબર દરમિયાન ડિવિઝનનાં ૩૫ સ્ટેશનો અને ૧૮ રેલવે સંસ્થાનોમાં વિશેષ સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ દરમિયાન ૪૮ શૌચાલયોનું ડીસ્કેલિંગ, ૪૦૭ વિદ્યુત ઉપકરણોની સફાઈ, ૫૪૦ કચરાપેટીઓની ઊંડાણપૂર્વક સફાઈ અને ૧૧.૩ કિલોમીટર ગટર-નાળાંની સફાઈ કરવામાં આવી હતી. રાજકોટ, જામનગર, ઓખા અને હાપા સહિતનાં સ્થળોએ પણ સફાઈ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.

૬થી ૮ ઓક્ટોબર દરમિયાન ટ્રેકસાઇડ અને યાર્ડ વિસ્તારોમાંથી કચરો, પ્લાસ્ટિક, સ્ક્રેપ તથા બિનજરૂરી વનસ્પતિ દૂર કરવામાં આવી હતી. સ્ટેશનની સીમામાં ૩૭ અને બહારના ૧૫ સ્થળોએ સફાઈ કરવામાં આવી હતી. આશરે ૧.૮ કિલોમીટર ટ્રેકસાઇડ વિસ્તારમાંથી ઘાસ અને બિનજરૂરી વનસ્પતિ દૂર કરાઈ હતી.૯ અને ૧૦ ઓક્ટોબરે રાજકોટ, દ્વારકા, જામનગર સહિતનાં સ્ટેશનો અને રેલવે કોલોનીઓમાંથી અનધિકૃત પોસ્ટરો, બેનરો અને સ્ટીકરો દૂર કરવામાં આવ્યાં હતાં. પાન-ગુટખાના ડાઘ સાફ કરવા ઉપરાંત જરૂરી સ્થળોએ રંગરોગાન પણ કરાયું હતું. જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા મુસાફરોને જાગૃત કરવામાં આવ્યા હતા. ૧૧થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૨૬ અંગે જાગૃતિ અને તાલીમ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. કર્મચારીઓને કચરાનું વર્ગીકરણ, સંગ્રહ અને યોગ્ય નિકાલ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેટરિંગ સ્ટોલનું નિરીક્ષણ, પીવાના પાણીમાં કુલ દ્રાવ્ય ઘન પદાર્થો (TDS) અને અવશેષ ક્લોરિનની તપાસ તથા પાણીના નમૂનાઓનું પરીક્ષણ પણ કરાયું હતું. મચ્છરોના ઉપદ્રવને રોકવા લાર્વા નિરીક્ષણ અને જરૂરી જંતુ નિયંત્રણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. સ્વચ્છતા પખવાડિયાના સમાપન પ્રસંગે ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે સ્વચ્છતા માત્ર અભિયાન નથી, પરંતુ સામૂહિક જવાબદારી છે. મુસાફરો અને રેલવે કર્મચારીઓની સક્રિય ભાગીદારીથી જ સ્વચ્છ, સલામત અને પર્યાવરણને અનુકૂળ રેલવે પરિસરનું લક્ષ્ય સાકાર થઈ શકે છે. રાજકોટ ડિવિઝને મુસાફરો, રેલવે કર્મચારીઓ, કેટરિંગ સંચાલકો, કોન્ટ્રાક્ટરો અને નાગરિકોને કચરો નિયત કચરાપેટીમાં નાખવા તથા રેલવે પરિસરની સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવા અપીલ કરી હતી.

# ગીરગંગા ટ્રસ્ટના જળ સંરક્ષણ સેમિનારમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ ખાતે જળ સંરક્ષણ અંગે જાગૃતિ કેળવવાના હેતુથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે સેમિનાર યોજાયો હતો. સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ સખીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પાણીનું મહત્ત્વ, કરકસરપૂર્વક ઉપયોગ અને વરસાદી પાણીના સંગ્રહ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારમાં ગીરગંગા ટ્રસ્ટની એજ્યુકેશન કમિટીના કો-ઓર્ડિનેટર પ્રો. ડૉ. યશવંત ગોસ્વામીએ પાણીનું જીવનમાં રહેલું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે પાણીનો બગાડ અટકાવવાના ઉપાયો, પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ અને વરસાદી પાણીના સંગ્રહ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ નિભાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે ભાવેશભાઈ સખીયાએ સંસ્થાનો પરિચય આપી તેની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને જળ સંરક્ષણ પ્રત્યે જાગૃત બની પાણી બચાવવાના અભિયાનમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. ગીરગંગા પરિવાર ટ્રસ્ટે ૧,૧૧,૧૧૧ જળસંચયનાં કાર્યો કરવાનો સંકલ્પ લીધો છે. આ સંકલ્પ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦,૦૦૦થી વધુ નાનાં-મોટાં જળસંચય સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યાં છે. કાર્યક્રમમાં ટ્રસ્ટી સિદ્ધાર્થ મહેતા, પ્રિન્સિપાલ વૈદ્ય શ્રેયસ ભાલોડિયા, વાઈસ પ્રિન્સિપાલ વૈદ્ય વિજય તેલંગ, કેમ્પસ ડિરેક્ટર વૈદ્ય મેહુલ જોશી સહિત સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ તરફથી અધ્યાપકોનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું. જળ છે તો જીવન છે, પાણી બચાવોભવિષ્ય બચાવોના સંદેશ સાથે જળ સંરક્ષણ માટે સામૂહિક જાગૃતિ અને જવાબદારીનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.